Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૮૬
તા.૧૦-૦૮-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ અષાઢ વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૫ સૂર્યાસ્ત : ૦૭:૧૬

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૩.૧ | વડોદરા | ૩૩.૦ |
| અમદાવાદ | ૩૩.૫ | સુરત | ૩૦.૨ |
| ગાંધીનગર | ૩૨.૮ | નલિયા | ૩૧.૦ |

ચાંદી : ૩૮,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજ્યસભાના નાયબ અધ્યક્ષની ચૂંટણીમાં એનડીએની જીત

## કોંગ્રેસના હરિપ્રસાદ સામે એનડીએના ઉમેદવાર હરિવંશ નારાયણસિંહની ૨૦ મતે શાનદાર જીત : બીજેડી છેવટે એનડીએના સમર્થનમાં

નવીદિલ્હી

ભાજપના નેતૃત્વમાં એનડીએના ઉમેદવાર હરિવંશ નારાયણસિંહ આજે રાજ્ય સભાના નાયબ અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ૧૨૫ મતે તેઓ ચૂંટાઈ આવ્યા હતા જ્યારે યુપીએના ઉમેદવાર અને કોંગ્રેસના સાંસદ ડીકે હરિપ્રસાદને ૧૦૫ મત મળ્યા હતા. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, તેઓ આ મામલાને લઈને હરિવંશ નારાયણસિંહને અભિનંદન પાઠવે છે. લખાણમાં તેમની કુશળતા રહેલી છે. તેઓ પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના પણ ફેવરિટ રહ્યા હતા. હરિવંશ બિહારમાંથી જેડીયુના સંસદ સભ્ય તરીકે છે. સાથે સાથે પૂર્વ પત્રકાર પણ છે. હરિપ્રસાદ કર્ણાટકમાંથી કોંગ્રેસના સાંસદ તરીકે હતા. રાજ્યસભાના નાયબ અધ્યક્ષની જગ્યાએ પહેલી જુલાઈના દિવસે ખાલી પડી હતી. કારણ કે, કોંગ્રેસના પીજે કુરિયન નિવૃત્ત થઇ ગયા હતા. ગયા મહિને લોકસભામાં સરકાર સામે નિષ્ફળ રહેલી અવિશ્વાસ દરખાસ્ત બાદ રાજ્યસભામાં નાયબ અધ્યક્ષ પદ માટેની સ્પર્ધા વિપક્ષી એકતા માટે મોટી પરીક્ષા તરીકે ગણાઈ રહી હતી. જેડીયુના ઉમેદવારને ચૂંટી કાઢવા માટે ભાજપે તમામ સાથી પક્ષોનો સંપર્ક કર્યો હતો. સાથી પક્ષોની અવગણનાના આક્ષેપો હાલમાં થતાં રહ્યા છે. રાજ્યસભામાં બહુમતિ નહીં હોવાના પરિણામ સ્વરુપે ભાજપ માટે મોટી સમસ્યા ઉભી થઇ હતી પરંતુ હવે ભાજપને રાહત રહેશે.



## સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વિરામ બાદ વરસાદ

અમદાવાદ

બ્રેકની સ્થિતિ બાદ ગુજરાતના જુદા જુદા ભાગોમાં બીજા રાઉન્ડના વરસાદની શરૂઆત થઇ ગઇ છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં આજે વરસાદ થયો હતો. મધ્યગુજરાત, દક્ષિણ ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારમાં હળવો વરસાદ થયો હતો. રાજકોટમાં ધોધમાર વરસાદ થતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ ૧૫૦ રિંગ રોડ, કાલાવાડ રોડ, યાજ્ઞિક રોડ, મવડી સહિતના વિસ્તારોમાં વરસાદ થયો હતો. બીજી બાજુ દ્વારકા, મોડાસા, ગાંધીધામ, સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં પણ ઉલ્લેખનીય વરસાદ થયો છે. ગુજરાતના ઘણા ભાગોમાં હજુ પણ ખુબ ઓછો વરસાદ થયો છે. હજુ સુધી સૌથી માઠી અસર જે જિલ્લાઓમાં થઇ છે જેમાં કચ્છ અને અમદાવાદનો સમાવેશ થાય છે. રાજ્યમાં ૧૯ ટકા ઓછો વરસાદ હજુ સુધી નોંધાયો છે. ૪૪૧ મીમી વરસાદની સામે ૩૩૬મીમી વરસાદ ગુજરાતમાં પડ્યો છે. હવામાન વિભાગ તરફથી જે આંકડા આપવામાં આવ્યા છે તે મુજબ સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં કચ્છ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાટણનો સમાવેશ થાય છે. કચ્છમાં ૭૮ ટકા ઓછો વરસાદ જ્યારે ગાંધીનગરમાં ૭૦ ટકા ઓછો વરસાદ, સુરેન્દ્રનગરમાં ૬૬ ટકા ઓછો વરસાદ અને અમદાવાદમાં ૬૨ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. આઈએમડી તરફથી જણાવ વામાં આવ્યું છે કે, બંગાળના અખાતમાં ડિપ્રેશનનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે.

## વિચાર વૈભવ...

### હવેલી સંગીત

આપણે ત્યાં હવેલીમાં વ્રજભાષામાં કૃષ્ણના વિવિધ પ્રકારના પદ ગાવાની એક પરંપરા હતી. જે ગામમાં હવેલી હોય ત્યાં આ પ્રકારના કીર્તનીયાની એક ટોળકી હોય જ. હવે એ પરંપરા ઝાંખી થતી જાય છે. હવેલીમાં વહેલી સવારે મંગળા, શૃંગાર, રાજભોગ, ઉત્થાપન, સંધ્યા અને શયનવેળાના દરેક દર્શન ટાણે વ્રજભાષાના ભક્તિપદો વિવિધ રાગ રાગિણીમાં આ કીર્તનીયાઓ જે ગાતા એના આનંદની તો કોઈ વાત નથી! એ હવેલી સંગીત ઘણા વર્ષો સુધી ગુજરાતના ભક્તિ સંગીતની અગ્રગામી શોભા બનીને રહ્યું હતું. જે આજે લુપ્ત થવા આવ્યું છે. એની સાથોસાથ બીજી એક પરંપરા જે લુપ્ત થઈ રહી છે તે છે માણભટ્ટની પ્રથા. દસેય આંગળીઓમા વિવિધ પ્રકારના વેઢ પહેરીને મધ્યકાલીન મહાકવિ પ્રેમાનંદ ના આખ્યાનોને લોકસાગર સમક્ષ રજુ કરતા માણભટ્ટ પણ હવે રહ્યા નથી. આ ક્ષેત્રમાં વહેલી સવારે આથમતા છેલ્લા સિતારાઓ જેવા શ્રી ધાર્મિકલાલ અને બીજા કેટલાક મિત્રો હજુ આ પરંપરાને જાળવવાની મથામણ કરી રહ્યા છે. તે અભિનંદનીય છે.

- ગિજુભાઈ ભરાડ

## ત્રિપલ તલાક બિલમાં સુધારાને કેન્દ્રીય કેબિનેટની બહાલી

### બિલમાં સુધારા બાદ મેજિસ્ટ્રેટ દ્વારા જામીન આપી શકાશે

નવીદિલ્હી

ત્રિપલ તલાક પર લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચા બાદ કેન્દ્રીય કેબિનેટે આખરે ત્રિપલ તલાક બિલમાં સુધારાને લીલીઝંડી આપી દીધી છે. અલબત્ત તે બિનજામીનપાત્ર અપરાધ તરીકે જ રહેશે પરંતુ મેજિસ્ટ્રેટ દ્વારા તેમાં જામીન આપી શકાશે. કેન્દ્રની ભાજપ સરકાર ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા આને મોટી સફળતા તરીકે રજૂ કરવા માટે ઈચ્છુક છે. આજ કારણસર કેટલાક ફેરફાર પણ કરવામાં આવી રહ્યા છે. ઈન્સ્ટન્ટ ત્રિપલ તલાક બિલ હજુ પાસ કરવામાં આવ્યો નથી ત્યારે તેમાં સુધારાને કેન્દ્રીય કેબિનેટે લીલીઝંડી આપી દીધી છે. આ ગુના માટે મેજિસ્ટ્રેટ દ્વારા હવે જામીન આપી શકાશે. અલબત્ત આ ગુનો બિનજામીનપાત્ર તરી-કે અકબંધ રહેશે. ડિસેમ્બર મહિનામાં જ લોકસભા દ્વારા એક બિલ પસાર કરવામાં આવ્યું હતું જેમાં ઈન્સ્ટન્ટ તલાક બિલને ક્રિમિનલ ગુના તરીકે ગણવાની જોગવાઈ કરવામાં આવી છે. જુદા જુદા વિરોધ પક્ષના સભ્યો દ્વારા રજૂ કરવામાં આવેલા શ્રેણીબદ્ધ સુધારાઓને ફગાવી દેવામાં આવ્યા બાદ બિલ પાસ કરવામાં આવ્યું હતું. વિરોધ પક્ષો દ્વારા અનેક પ્રકારના વાંધાઓ હોવા છતાં આ બિલને એજ દિવસે પસાર કરવામાં આવ્યું હતું જે દિવસે આ રજૂ કરવામાં આવ્યું હતું. નિચલા ગૃહમાં સ્પષ્ટ બહુમતિ ભાજપ સરકાર પાસે હોવાથી આ બિલ એજ દિવસે પાસ કરવામાં આવ્યું હતું. ડ્રાફ્ટ બિલને મુસ્લિમ મહિલા લગ્ન અધિકાર સુરક્ષા નામ આપવામાં આવ્યું છે.

## એસસી-એસટી એક્ટમાં સુધારા બિલને મંજુરી

નવીદિલ્હી

એસસી-એસટી એક્ટમાં સુધારાના બિલને રાજ્યસભાની લીલીઝંડી મળી ગઈ છે. આની સાથે જ હવે સુપ્રીમ કોર્ટ તરફથી આ એક્ટ હેઠળ તાત્કાલિક ધરપકડની જોગવાઈ ઉપર મુકવામાં આવેલા સ્ટેનો પણ અંત આવી ગયો છે. લોકસભામાં આ સુધારા બિલને મંગળવારના દિવસે મંજુરી આપવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ વર્ષે ૧૯મી મેના દિવસે એસસી-એસટી એક્ટ હેઠળ ફરિયાદ મળ્યા બાદ તાત્કાલિક ધરપકડ ઉપર સ્ટે મુકી દીધો હતો. મોટાપાયે આ કાયદાના વ્યાપક ઉપયોગને લઈને સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ દેશભરમાં દલિત સમુદાયમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. દલિત સંગઠનના લોકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન તમામ સંગઠનોએ કોર્ટના આ ચુકાદાને ફેરવી કાઢવા સરકારને અપીલ કરવામાં આવી હતી. આ ચુકાદાને દલિતોની સામેના ચુકાદા તરીકે ગણાવીને વિરોધ કરવામાં આવ્યો હતો. દલિત સમુદાય વચ્ચે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ જોરદાર વિરોધ પ્રદર્શનને લઈને ભાજપના સાથી પક્ષોએ પણ સરકાર ઉપર દબાણ લાવ્યું હતું.

## સાર સમાચાર...

### ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક ૨૧મીએ લોન્ચ કરાશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧મી ઓગસ્ટના દિવસે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કની શરૂઆત કરવા જઈ રહ્યા છે. આના માટેની તૈયારી કરી લેવામાં આવી છે. આ કાર્યક્રમ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે યોજવામાં આવનાર છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક આની સાથે જ ભારતમાં સૌથી વધારે વિસ્તૃત બેંકિંગ નેટવર્ક ધરાવનાર પૈકી એક બની જશે. ઈન્ડિયા પોસ્ટ ૧૫૫૦૦૦ પોસ્ટ ઓફિસ ધરાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં ૧૩૯૦૦૦ શાખાઓ રહેલી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી મંજુરી મળી ચુકી છે. એરટેલ, પેટીએમ જેવી કંપનીઓ પણ તેમની સેવા શરૂ કરી ચુકી છે. દરેક જિલ્લામાં એક શાખા શરૂ કરવામાં આવ્યા બાદ આનાથી સીધો ફાયદો ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોને થશે. ગ્રામીણ વિસ્તારોમાં ફાઈનાન્સીયલ સર્વિસ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. મોદીએ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક લોન્ચ કરવા ૨૧મી ઓગસ્ટનો સમય આપ્યો છે.

## કાંકરેજના ચાંગા નજીકની નર્મદા નહેરમાં બે યુવતીઓએ ઝંપલાવ્યુ

યશપાલસિંહ ટી. વાઘેલા



તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના ચાંગા નર્મદા કેનાલમાં એક સાથે બે યુવતીઓ કુદી પડી શોધખોળ ચાલુ પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ચાંગા નર્મદા કેનાલમાં કોઈ અગમ્ય કારણોસર બે યુવતીઓએ એક સાથે ઝંપલાવ્યું એની અનેક અટકળોનો દોર શરૂ થયો છે. જોકે પોલીસ ઘટના સ્થળ ઉપર આવી સ્થાનિક તરવૈયાઓની મદદથી બંને યુવતીઓની શોધખોળ શરૂ કરી દિધી પરંતુ હજુસુધી કોઈ પત્તો લાગ્યો નહિ આમ વારંવાર સાસ વારે આવી ડુબવાની અને આત્મહત્યા કરવા માટે ચાંગાની નર્મદા કેનાલ હોટ ફેવરીટ થઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે એક દિવસ પહેલાં આકોલીનો એક યુવાન ખારીયા કેનાલમાં ડુબી મર્યો ત્યારે ચાંગામાં એક સાથે બે યુવતીઓના એક સાથે કોઈ અગમ્ય કારણસર પડતું મુકવાની ઘટના સામે આવતાં હાહાકાર મચી જવા પામ્યો છે ત્યારે તાલુકાના તંત્ર દ્વારા તરવૈયાની વ્યવસ્થા કરવામાં આવી હતી ને યુવતીઓના મૃતદેહની શોધખોળ શરૂ કરી હતી પણ સતત બે કલાક સુધી દિનેશ ચૌધરી અને બીજા લોકોપણ પાણીમાં પડીને શોધખોળ શરૂ કરી છે. ત્યારે આ રીતે એક સાથે બંને યુવતીઓએ કેમ કેનાલમાં ઝંપલાવતાં અનેક પ્રશ્નો ઉભો થવા પામ્યા છે. ત્યારે હવે આ યુવતીઓ કોણ છે કંયાની છે અને કયા કારણોસર કેનાલમાં કુદી એ વિશે હજુ જાણકારી મળી નથી જોકે થરા પોલીસ ઘટના સ્થળે દોડી આવી વધુ તપસા હાથ ધરવામાં આવી હતી.




## ગતકડું....

- દેવન વ્યાસ



રાજ્યને અછત ગ્રસ્ત જાહેર કરે તો આપણી અછત પણ દુર થાય ?

## બેસણું



### સ્વ.હીરાલાલ બાબરાજી દેવડા

સ્વ.તા.૦૮-૦૮-૨૦૧૮

અમારા પિતાશ્રી હીરાલાલ બાબરાજી દેવડાનું દુઃખદ અવસાન તા.૦૮-૦૮-૨૦૧૮ નાં રોજ થયેલ છે. ભગવાનને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું તા.૧૦-૦૮-૨૦૧૮ ને શુક્રવારના રોજ સમય ૮ થી ૪ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : જાગનાથ ફાર્મ હાઉસ, પંચાલ વાડીની સામે, પાલનપુર હાઇવે, ડીસા

લિ.

મફતલાલ બાબરાજી દેવડા (ભાઇ)
પ્રભુજી બાબરાજી દેવડા (ભાઇ)
ચેલાજી બાબરાજી દેવડા (ભાઇ)
જેરૂપજી બાબરાજી દેવડા (ભાઇ)
નટવરલાલ હીરાલાલ દેવડા (પુત્ર)
ભરતકુમાર હીરાલાલ દેવડા (પુત્ર)
દિનેશકુમાર હીરાલાલ દેવડા (પુત્ર)
માંગીલાલ મફાજી દેવડા (ભત્રીજા)
શંકરલાલ પ્રભુજી દેવડા (ભત્રીજા)
મહેશકુમાર ચેલાજી દેવડા (ભત્રીજા)
રમેશકુમાર પ્રભુજી દેવડા (ભત્રીજા)
ભંવરલાલ મફાજી દેવડા (ભત્રીજા)
દિપકકુમાર જેરૂપજી દેવડા (ભત્રીજા)
ભૈરવકુમાર નટવરલાલ દેવડા (પૌત્ર)
નરેશકુમાર ભરતભાઇ દેવડા (પૌત્ર)
સંદિપકુમાર દિનેશભાઇ દેવડા (પૌત્ર)
નીરજકુમાર દિનેશભાઈ દેવડા (પૌત્ર)

ફર્મ : માતેશ્વરી ટ્રેડીંગ, દેવડા ટ્રેડીંગ, માતેશ્વરી કરીયાણા સ્ટોર્સ

સૂર્યોદય - ૬.૧૫ સૂર્યાસ્ત - ૭.૧૬

## તિથિદર્શન

અષાઢ વદ-૧૪ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ અષાઢ વદ :ચૌદસ શુક્રવાર નક્ષત્ર:પુનર્વસુ સવારે ૫.૪૫ પછી પુષ્ય યોગ:સિદ્ધિ કરણ:વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**સુનુઃ સચ્ચરિતઃ સતી પ્રિયતમા સ્વામી**
**પ્રસાદોન્મુખઃ પરિજનો નિઃ ક્લેશં મનઃ**
**આકારો રૂચિરઃ વિભવો વિદ્યાવદાતા મુખં તુષ્ટે**
**વિષ્ટપકષ્ટહારિણી હરૌ સંપ્રાપ્યતે દેહિનામ્**

‘સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘સામાન્ય નીતિ’નો આ શ્લોક સંસારના સુખમાં પણ ઈશ્વરની કૃપાનું મહત્વ સમજાવે છે.

‘સારા આચરણ અને ચારિત્ર્યવાળો પુત્ર, ખૂબ જ પ્રેમ વરસાવતી પત્ની (પ્રેમાળ અને શુદ્ધ ચારિત્ર્ય પણ ધરાવતી હોય), સતીત્વ સમપન્ન હોય,- શેઠ- અધિકારી- ધંધાદારી માલિક ઉત્સાહથી ભરેલો હોય, કૃપા કરનારો હોય, મહેરબાની કરવા માટે તત્પર હોય, ઉદાર હૃદયી હોય, મિત્રો પ્રેમાળ, નિખાલસ, નિ:સ્વાર્થી હોય, શિષ્યો- સેવકો- નોકર- ચાકર કર્મચારીઓ છેતરનારા અને કામચોર ન હોય પણ માલિક શેઠને વફાદાર હોય, આપણું મન સદાય શાંત, કલેશ વિનાનું, નિર્ભય- નિશ્ચિત હોય, આપણું પોતાનું સૌંદર્ય- સ્વરૂપ- દેખાવ- આકાર- શરીર સૌષ્ઠવ- આદર્શ અને આકર્ષક હોય, સમૃદ્ધિ- પૈસો ધન વૈભવ કાયમી - સુલક્ષ્મી સ્થિર રહે તેવો હોય (સ્થાયી વડીલોપાર્જિત ધનવૈભવ), વિદ્યાભ્યાસ અને ધર્મશુદ્ધ- તપ દ્વારા મહેરા પર વિદ્યાનું ઓજસ- આભા ચમકતી હોય અર્થાત્ વિદ્યાભ્યાસનું પ્રભાવક તેજ મખાકૃતિ પર મરકતું હોય-’ આટલી બાબતો જગતમાં માનવમાને સંસારમાં સુખ આપે છે અને દુ:ખોને દૂર કરે છે પરંતુ ‘પ્રભુજી’ની કૃપા પ્રાપ્ત હોય એને જ મળે ફળે છે.

- સુરેશ પ્રા.ભટ્ટ

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)રોકાયેલા નાણાં છૂટા થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.)આર્થિક સ્થિતિ તંગ રહે. વડીલ વર્ગ સાથે મતભેદ સર્જાય.**
**મિથુન : (ક.છ.ઘ.)પારિવારીક વિષમતા રહે. આવક-જાવક સરભર રહે.**
**કર્ક : (ડ.હ.)વ્યર્થ દોડા-દોડી રહે. સ્વાસ્થય બાબતે સંભાળવું.**
**સિંહ : (મ.ટ.)વાણી સંયમ જાળવવો હિતાવહ. યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.)અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. જોખમી કાર્યોમાં હાનિનો સંભવ.**
**તુલા : (ર.ત.)મનમાં અકારણ ચિંતા રહે. પારિવારીક જવાબદારીમાં વધારો થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)પારિવારીક કાર્યમાં ક્રિયાશીલ રહેવાય. મનમાં પ્રસન્નતા રહે.**
**ધન : (ભ.ફ.ધ.)મોજ-શોખ પાછળ ખર્ચ થાય. સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**મકર : (ખ.જ.) મનની મુરાદ બર આવે. અગત્યની યોજના પાર પડે.**
**કુંભ : (ગ.શ.સ.)આર્થિક સ્થિતિ સુધરતી જણાય. અકારણ ક્રોધ રહે.**
**મીન : (દ.ચ.જ.થ.)કામકાજમાં વ્યસ્ત રહેવાય. મહેનતનું ફળ મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

સંગીતના સ્વતંત્ર અને બહોળા વિકાસના ભેખધારી પંડીત વિષ્ણુ નારાયણ ભાતખંડની જન્મજયંતી છે. હિંદુસ્તાની સંગીતને આમજનતા સુધી પહોંચતું કરવાનું ભગીરથ કાર્ય એમણે કર્યું હતું. એમનો જન્મ ૧૦-૮-૧૮૬૦ ને જન્માષ્ટમીના દિવસે રત્નાગીરી જિલ્લાના વેળાણેશ્વરમાં થયો હતો. સ્વરમાલીક સંગીત પદ્ધતી પર ચાર પુસ્તકો અને સંગીતના ક્રમીક ગ્રંથોના છ ભાગોમાં તેમણે શાસ્ત્રીય અને ઘરાણેદાર લગભગ ૨૦૦૦ ચીજોને સ્વરાંકન કરીને આજની તેમજ આવતી પેઢીને માટે એક અમર કાર્ય કર્યું છે. આ મહાન સંગીતશાસ્ત્રીનું ૧૯-૯-૧૯૩૬ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા.૧૦.૦૮.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૧૫૦૫ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૦૯.૦૮.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૪૮૪ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૪૩૦ પોઈન્ટના પ્રથમ અને ૧૧૪૧૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૧૫૦૫ પોઈન્ટ થી ૧૧૫૧૩ પોઈન્ટ, ૧૧૫૨૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૫૨૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૦૯.૦૮.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૮૩૪૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૮૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૨૮૪૪૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૮૩૦૩ પોઈન્ટ થી ૨૮૨૮૦ પોઈન્ટ, ૨૮૨૨૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૮૪૪૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૯૮૫) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૬૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૬૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૯૯ થી રૂ.૨૦૦૬ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૦૧૨ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**HDFC લિમિટેડ (૧૯૭૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૯૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૯૪૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૯૯૩ થી રૂ.૨૦૦૨ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**HCL ટેક્નોલોજી (૯૬૨) :- રૂ.૯૪૦ નો પ્રથમ તેમજ રૂ.૯૩૩ ના બીજા સપોર્ટથી ટેક્નોલોજી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૭૬ થી રૂ.૯૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**બાટા ઈન્ડિયા (૯૫૯) :- ફૂટવેર સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૭૩ થી રૂ.૯૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૯૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**મ્ઈસ્ન્ લિમિટેડ (૮૧૭) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૦૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઓટો સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૨૪ થી રૂ.૮૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ઈન્ફોસિસ લિ. (૧૩૮૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૪૦૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૭૬ થી રૂ.૧૩૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૪૧૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ડીગો (૧૦૬૦) :- રૂ.૧૦૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૮૬ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૪૭ થી રૂ.૧૦૩૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૯૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**મહિન્દ્રા & મહિન્દ્રા લિ. (૯૩૫) : ઓટો સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૫૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૨૩ થી રૂ.૯૧૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એક્સિસ બેન્ક લિ. (૬૨૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૧૪ થી રૂ.૬૦૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૪૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સિપ્લા લિમિટેડ (૬૨૧) :- રૂ.૬૩૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૪૨ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૬૧૬ થી રૂ.૬૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# કાંકરેજ તાલુકામાં દુષ્કાળની સ્થિતિ સર્જાવાનાં એંધાણ : વરસાદ વિના ખેતરો સૂકાયાં

(પ્રતિ.) કંબોઈ

ઘાસચારાની અછત ઉભી થઇ છે અને પિયત કરવા બોર ચાલુ કરવા પડયા છે. વીજ પુરવઠો માત્ર આઠ કલાક મળવાથી પાક સુકાય છે, આકાશમાં વાદળ છવાયા રહેશે પરંતુ વરસાદ હાથતાળી આપે છે અને ધરતી પુત્રો આકાશ સામે દેખી રહ્યા છે અને એરંડા અને કઠોળ ઘાસચારોની વાવણી કર્યા વગર ખેડૂતો બેઠા છે. આ વર્ષે વરસાદની આશાએ ખેડૂતોએ બોરવેલના પાણીએ કપાસ એરંડાની ખેતી મોટા પ્રમાણમાં કરી દીધી પરંતુ વરસાદ ખેંચાતા પાક સુકાઈ રહ્યો છે. જો વરસાદ વધુ ખેંચાય તો ધરતી પુત્રોને રાતા પાણીએ નાહવાનો વારો આવશે.



સજ્જનસિંહ સોલંકી

આ વર્ષે ઉત્તર ગુજરાતના મોટા ભાગના તાલુકાઓમાં વાવણીલાયક પણ વરસાદ થયો નથી, ત્યારે હાલમાં વરસાદ થાય તેવી કોઈ આગાહી હવામાન વિભાગ દ્વારા પણ કરવામાં આવતી નથી. પરિણામે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને તેમાં કાંકરેજ તાલુકામાં દુષ્કાળના ઓળા ઉતાર્યા છે, આ વિસ્તારમાં પાણીના તળ ઘણા ઊંડા છે, તેમાંય આ વર્ષે વરસાદે હાથ તાળી આપતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે ત્યારે અત્યારે આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયા રહે છે અને વાતાવરણ પણ વરસાદી બંધાયું રહેશે અને ખેડૂતો આકાશ તરફ મીટ માંડી આશા રાખી રહ્યા છે પણ વરસાદી વાતાવરણ હોવા છતાં પણ વરસાદનું એક ટીપુંય પડતું નથી.

જયારે અડધો અષાઢ મહિનો પૂરો થવા આવ્યો છે તો પણ અત્યારે ઉનાળાનો આભાસ થઈ રહ્યો છે દિવસે અસહ્ય ગરમી અને બફારાનો ભોગ લોકો પરેશાન થઈ રહ્યા છે. આ વર્ષે વરસાદ ખેંચાતા કાંકરેજ તાલુકામાં દુષ્કાળના ઓળા ઉતર્યા છે ઘાસચારહ્ની તંગી સર્જાઈ રહી છે ખેડૂતો ચોમાસુ વાવણી કરી શક્યાં નથી અને માત્ર કપાસની વાવણી થોડી માત્રામાં કરી છે તે પણ વરસાદ વિના સુકાઈ રહી છે તેમાં ખેડૂતો બાજરી જુવાર અડદ મગ જેવી ખેતી કરી શક્યાં નથી અન ખેતરો અને નદી નાળા તળાવો કોરા પડયા છે, વરસાદની આશા રાખી ખેડૂતો ઘાસચારાની વાવણી કર્યા વિના બેઠા છે પરંતુ આકાશમાંથી એક પણ છાંટો પડતો નથી અને અસહ્ય ગરમી પડે છે, ત્યારે આ વર્ષે વરસાદ ખેંચાતા દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઈ છે. મેઘરાજાએ હાથતાળી આપતા ધરતી પુત્રોને રોવાનો વારો આવ્યો છે. જો થોડા દિવસ વરસાદ ખેંચાશે તો કાંકરેજ તાલુકાની પરિસ્થિતિ બગડશે. ગત વર્ષે અતિવૃષ્ટિના કારણે લીલો દુષ્કાળ પડ્યો તો આ વર્ષે વગર વરસાદે સૂકો દુષ્કાળ પડવાના એંધાણ છે.

કાંકરેજ તાલુકામાં થઈ બનાસ નદી પસાર થાય છે પણ આ નદી વર્ષોથી કોરી ધાકોર છે અને બહુ માફિયાઓએ કબજો જમાવ્યો છે ત્યારે ખેડૂતોની જીવાદોરી સમાન બનાસ નદી કોરી રહેતા આ વિસ્તારમાં પાણીના તળ ઘણા ઊંડા ગયા છે વીજળી પણ માત્ર આઠ કલાક આવેછે તેથી ખેડૂત પૂરતું પિયત પણ કરી શકતો નથી અને જે વાવણી કરી છે તે સુકાઈ રહી છે ત્યારે આ વિસ્તારના લોકો મોટાભાગે પશુધન પર નિર્ધારિત છે પરંતુ વરસાદ ના આવતા ઘાસચારો ખૂટી ગયો છે તો સરકાર દ્વારા સર્વે કરી દુષ્કાળ જાહેર કરવો જોઈએ તેવી ખેડુતોની માંગ ઉભી થવા માડી છે. વરસાદ વિના ખેતરો ખાલી પડયા છે. વાવણી કરવામાં ખેડૂતો લેટ પડી રહયા છે અને વરસાદના પાણી વિના પાક સુકાઈ રહ્યો છે.

## થરાદ તાલુકાના પિલુડા ગામે સજીવ ખેતીનો સેમિનાર યોજાયો



(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

ભારતીય કિસાન સંઘ અને આત્મા પ્રોજેક્ટ બનાસકાંઠા જીલ્લાના સંયુક્ત ઉપક્રમે તા.૭/૮/૨૦૧૮ના રોજ સવારે ૧૧કલાકે થરાદ તાલુકાના પિલુડા ગામે સજીવ ખેતીનો સેમિનાર કરવા આવ્યો. જેમાં થરાદ તાલુકાના મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા સજીવ ખેતી વિશે ડો.ચેતનભાઇ દેસાઈએ ઓછા ખર્ચે વધુ ઉત્પાદન કઇ રીતે મેળવી શકાય તેનું માર્ગદર્શન આપેલ અને પોતાની જમીન માં રાસાયણિક ખાતર અને પેસ્ટ્રી સાઇડ દવાઓ ઉપયોગ ધીમેધીમે ઓછો કરી સંપૂર્ણ જમીન સજીવ ખેતી કરવા જણાવ્યું હતું. આ સેમિનારમાં તાલુકા અને જીલ્લા ના વિવિધ અધિકારીઓ તેમજ રાજકીય આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂત મિત્રો હાજર રહ્યા હતા.

જેમાં ઉમેદસિંહ ચૌહાણ પ્રમુખ, થરાદ તાલુકા પંચાયત, ગેનાજી પટેલ, પદ્મશ્રી, જીવરાજભાઈ પટેલ, ચેરમેન, તાલુકા સંઘ થરાદ, રૂપશીભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય અને પ્રમુખશ્રી ભાજપ થરાદ, બળવંતસિંહ ચૌહાણ તાલુકા પંચાયત સદસ્ય પિલુડા, ઓખાભાઈ પટેલ, ડિરેક્ટર, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ થરાદ, ભરતભાઇ ચૌધરી, વિસ્તરણ અધિકારી થરાદ, શ્રી ઉપલાણા, ખેતીવાડી અધિકારી, ડૉ. ચેતનભાઈ, કૃષિ વૈજ્ઞાનિક, ધરમશીભાઈ પટેલ, સરપંચ કાળાભાઈ પટેલ, સરપંચ ગગાણા, એચ.વી.રાજપૂત સરપંચ પિલુડા, દાંતીવાડા કૃષિ યુનિવર્સીટીના આધિકારીઓ, થરાદ ખેતીવાડી કચેરીના અધિકારીઓ અને ભારતીય કિશાન સંઘ જીલ્લાના મંત્રી કાનજીભાઈ પટેલ હાજર રહી ખેડૂતોને ખેતી વિશે માહિતી આપી હતી.

## સંસ્કાર મંડળ રામપુરા દ્વારા તેજસ્વી દીકરીઓનું સન્માન કરાયું



નરસિંહ દેસાઈ

તા.પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના રામપુરા વિસ્તારમાં છેલ્લા ત્રણ દાયકાથી શિક્ષણની જ્યોત જગાડનાર શ્રી સંસ્કાર મંડળ રામપુરા દ્વારા ડીસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારની તેજસ્વી દીકરીઓને સન્માનવા નો કાર્યક્રમ તા. ૦૮/૦૮/૨૦૧૮ ના રોજ મહંતશ્રી કે.ડી. આદર્શ હાઈસ્કુલ રામપુરામાં યોજાયો હતો. ધોરણ -૧૦ અને ધોરણ-૧૨ માં શાળા કક્ષાએ પ્રથમ આવેલ ૩૦ જેટલી દીકરીઓનું શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી એચ.એલ. રાવલ, રામપુરા મઠ(જાગીર) ના મહંતશ્રી પ.પૂ.રૂપપુરીજી મહારાજ (પ્રમુખ શ્રી સંસ્કાર મંડળ રામપુરા), પૂ. નિર્મલપુરીજી સ્વામી મેનેજીંગ ટ્રસ્ટી, ઉકાજી ઠાકોર- પ્રમુખ તાલુકા પંચાયત ડીસા, લાભેશભાઈ સેવક- ઈ.ડી.આઈ- જિલ્લા શિક્ષણાધિકારી કચેરી પાલનપુર, ભાજપ અગ્રણી ગિરીશભાઈ દેસાઈ, ઈન્દુબેન જોશી, જે.બી. રાજપુત, જોલીબહેન, સંસ્કાર મંડળના કોષાધ્યક્ષ ગોવાભાઈ કોલા, કારોબારી સદસ્ય થાનાજી હરિયાળ, જગમાલભાઈ દેસાઈ, લક્ષ્મણજી જાટ , અણદાજી નેણ, વિરાજી પટેલ, ડીસા તાલુકા માધ્યમિક શાળાના આચાર્યો, ભરતભાઈ કાલોર સરપંચ ઢેઢાલ, ભુરાભાઈ દેસાઈ સરપંચ વરનોડા તથા વિશાળ સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાની બાળાઓ દ્વારા સ્ત્રી સશક્તિકરણ વિષય પર વક્તવ્ય તથા નૃત્ય નાટીકા રજૂ કરવામાં આવેલ. પૂ.રૂપપુરીજી મહારાજ તથા જિલ્લા શિક્ષણાધિકારીએ પ્રેરક વક્તવ્યમાં પોતાની જાતમાં શ્રધ્ધા રાખી શિક્ષણક્ષેત્રે આગળ વધવા શીખ આપી હતી. સમગ્ર કાર્યક્રમ સ્ત્રી સશક્તિકરણ, નારી જગૃતિ તથા દીકરીઓને પ્રોત્સાહન પુરૂ પાડવા માટે પ્રેરણારૂપ રહ્યો હતો. સ્વાગત પ્રવચન શાળાના આચાર્ય જે.એચ.દવે એ તથા કાર્યક્રમનું સંચાલન એમ.વી.ગુર્જરે કર્યું હતું.

## બીજાના દોષો જોવાની કુચેષ્ટા વ્યક્તિને દોષોના રાજા બનાવીને રહે છે. પં.રાજરક્ષિતવિજય મ.સા.

મુંબઈ

શ્રી પાર્શ્વ-પ્રેમ શ્વે.મૂ.જૈન સંઘ ભાયંદર (વેસ્ટ)માં યુગપ્રધાન-આચાર્ય સમપંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજીના શિષ્ય પ્રવચનકાર પંન્યાસ રાજરક્ષિત-વિજયજીએ વિશાળ સભાને સંબોધતા જણાવ્યું કે કોલસાનો વેપારી જેમ ક્યારેય જવેરાતની ચર્ચા કરતો નથી તેમ દોષદર્શન મનોદશાવાળો માણસ ક્યારેય સજ્જન માણસોના ગુણાનુંવાદ કરી શકતો નથી. અરે ! ક્યારેક કોઈના સારા કે શુભ પ્રસંગો સાંભળે તો, દિલથી સ્વીકારવા પણ જલ્દી તૈયાર હોતો નથી. કાતીલ કોબ્રા સાપ કરતાં દોષદર્શન કરનાર વ્યક્તિ સાથેનો સંબંધ વધુ ભયાવહ છે. ચીની કહેવત છે કે, “ખરાબ સમાચાર સાંભળીને કોઈપણ જાતની શંકા કર્યા વિના જે શંકાશીલ બને તેવી વ્યક્તિ સાથે જિંદગીમાં ક્યારે મિત્રતા કરવી કરવી નહીં.”આજ સુધીમાં આપણે જાતને તપાસીએ તો ખબર પડે કે, મોટાભાગે બીજાના જીવનને ડોહળવાનું કામ કર્યું છે. સામી વ્યક્તિના કાંકરા જેવા દોષને આપણી કુબુદ્ધિથી હિમાલય જેવા બનાવ્યા છે. જ્યારે આપણા હિમાલય જેવા ભયંકર દોષને કાંકરા જેવા કલ્પીને છૂપાવ્યા છે. કાચના ઘરમાં રહેનારો માણસ બીજાના કાચના ઘર ઉપર પથ્થર મારવા શી રીતે હકદાર બની શકે ?

જે વ્યક્તિ પોતે જ અવગુણથી ઠાંસી ઠાંસીને ભરેલો હોય, તે બીજાના અવગુણોને શી રીતે બોલી શકે ? બીજાના દોષો જોવાની બિનઅધિકાર ચેષ્ટા તે વ્યક્તિને દોષોનો રાજા બનાવીને જ રહે છે. મળેલ શક્તિ- સંપત્તિનો ગર્વ ક્યારે પણ કરશો નહિ. પાપી-દોષી જીવોને ક્યારે ધિક્કાર શો નહિ, હજી તો આપણી જિંદગી રૂપી નૈયા સમુદ્રમાં છે કોને ખબર કાલે શું થાય ? આ વાતમાં શંકા હોય તો ઈતિહાસ તપાસી લેજો વિશ્વને જીતવાની ઈચ્છાવાળા સમ્રાટ સીકંદરની કબર પણ મળતી નથી, રાવણની સોનાની લંકા પણ આજે દૃષ્ટિગોચર થતી નથી. સત્તા- સંપત્તિ સૌંદર્યનું અભિમાન છોડીને મળેલ શક્તિનો સદુપયોગ કરશો તો ભગવાન તરીકે પૂજાશો.

## થરા જલારામ મંદિર ખાતે આજે દિવ્ય સંત સમાગમ અને ખીચડી ઉત્સવ

તાલુકા પ્રતિ. થરા

બ્રહ્મ સ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજના દિવ્યાશિષ અને મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બીએપીએસ સ્વામી નારાયણ સત્સંગ મંડળ થરા દ્વારા નેશનલ હાઈવે પર આવેલ થરા જલારામ મંદિર ખાતે આજે તા. ૧૦/૮/૨૦૧૮ ને શુક્રવારના સ્વામી નારાયણ સંસ્થાના સંત પૂ.મંગલ વર્ધન સ્વામીના મુખારવિંદેથી દિવ્ય સત્સંગ સભા અને પ્રસાદરૂપે ખીચડી ઉત્સવનું આયોજન સાંજે ૭:૦૦ થી રાત્રિના ૧૦:૩૦ કલાક સુધી રાખેલ છે.

## એમ.એસ.યુનિવર્સિટીના પ્રો.ભરત મહેતાને વિવેચન ક્ષેત્રે પુરસ્કાર એનાયત



વડોદરા

એમ.એસ.યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના પ્રોફેસર ભરત મહેતાને નર્મદ સાહિત્ય સભાનો મોહનલાલ દવે વિવેચન પુરસ્કાર મળ્યો. એમના ભારતીય નવલકથા ગ્રંથને આ પુરસ્કાર આપવામાં આવ્યો છે .છેલ્લા ત્રીસ વરસથી વિવેચનની પ્રવૃતિ કરતા ભરત મહેતાએ વિવેચનના પંદર પુસ્તકો આપ્યા છે.

## લાખણી પંથકમાં દશામાના વ્રતને લઈ ઉત્સાહનો માહોલ

પ્રતિનિધિ ગેળા

લાખણી સહિત જિલ્લામાં અષાઢી અમાસથી શરૂ થતા દુઃખડા હરનારી મા દશામાના વ્રતને લઈ ખાસ કરીને મહિલાઓમાં ઉત્સાહ છવાયો છે. છેલ્લા ઘણાં વર્ષોથી કળીયુગમાં હાજરાહજુર મનાતી મા દશામાના વ્રતનો મહિમા વધી પડયો છે. વ્રતધારી મહિલાઓ અષાઢી અમાસે શુભ મુહુર્તે ઘરમાં માતાજીની મૂર્તિની સ્થાપના કરી નકરોડા ઉપવાસ થકી દસ દિવસ સુધી માતાજીની આરાધના અને ઉપાસના કરે છે. તેથી અષાઢી અમાસ નજીક આવતાં જ મહિલાઓ દ્વારા વ્રતની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જેમાં ઘરની સફાઈ બાદ માતાજીની મૂર્તિઓની ખરીદી શરૂ કરી દેવાઈ છે.જેને લઈને શહેરી વિસ્તારોમાં દશામાની જુદા જુદા સ્વરૂપો વાળી મૂર્તિઓ અને પૂજાપો આકર્ષણ જમાવે છે. દશામાના વ્રતને લઈ પંથકમાં આવેલ મા દશામાના મંદિરોએ પણ સાજ સજાવટની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે તેથી વ્રતને લઈ મહિલાઓમાં આનંદની લાગણી છવાઈ છે.

## ગબ્બર પર યાત્રાળુઓ માટે સરળ પગથિયાં બનાવવાનું આયોજન

અંબાજી

હિંદુ ધર્મમાં શક્તિ પીઠોમાંનું એક એવું યાત્રાધામ, જ્યાં હજારોની સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે. અંબાજીના દર્શનાર્થે આવેલા યાત્રાળુઓ ગબ્બર પર બિરાજમાન માતાજીના દર્શનાર્થે જતા હોય છે. અંબાજીમાં ગબ્બર ચઢવા માટે પગથિયાંની સાથે ઉડન ખટોલા પણ છે., પરંતુ ઘણાં યાત્રાળુઓ પગપાળા પગથિયાં ચઢી દર્શન કરવાનું વધારે પસંદ કરે છે. યાત્રાધામ અંબાજીમાં સૌ કોઈ શ્રધ્ધાળુને દર્શન કરવામાં સુવિધા રહે તેમજ અવનવા આકર્ષણો પણ ઉભા કરવાનો તંત્ર દ્વારા પ્રયાસ થાય છે. તાજેતરમાં જ સૂત્રોના જણાવ્યા અનુસાર યાત્રાળુઓની સરળતા માટે ભાદરવી પૂનમ બાદ પગથિયાંનું સમારકામ તેમ જ નવીનીકરણ કરવાનું કાર્ય કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે અંબાજી મંદિર પરિસરમાં તેમજ શહેરમાં શક્તિ પીઠ, વન- ઉપવનના આકર્ષણની સાથે અનેક સુવિધાઓ પણ યાત્રાળુઓને આપવાના સતત પ્રયાસ થાય છે.

## પિલુચાની ગણેશપુરા પ્રાથમિક શાળામાં તિથિ ભોજન સાથે બાળકોને ઓરી-રૂબેલાની રસી અપાઈ

(પ્રતિ.) પિલુચા



વડગામ ના પિલુચારમાં આવેલ ગણેશપુરા પ્રાથમિક શાળામાં ધો.૧ થી ૫ સુધી અભ્યાસ કરતા બાળકોને ઓરી-રૂબેલાની રસી આપવામાં આવી હતી. જો કે રસી આપતા પહેલા શાળાના જ આચાર્ય કુબેરભાઇ ચૌધરી દ્વારા બાળકોને ભરપેટ ભોજન આપીને જ આરોગ્ય વિભાગમાંથી આવેલ નર્સબેન દ્વારા બાળકોને રસી મુકવામાં આવી હતી. આ પ્રસંગે ગણેશપુરા.પ્રા.શાળાના આચાર્ય કુબેરભાઇ ચૌધરી, મેડમ સાધનાબેન પંડ્યા, મ.ભ.સંચાલક પ્રવિણભાઇ શ્રીમાળી હાજર રહ્યા હતા અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ખેમાણા ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી અને બાળ તંદુરસ્તી હરીફાઈ યોજાઈ

પાલનપુર

તા.૦૮-૦૮-૨૦૧૮ના રોજ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરના રાષ્ટ્રીય સેવા યોજના અને વિસ્તરણ વિભાગ, સંકલિત બાળ વિકાસ યોજના ઘટક-૨, પાલનપુરના તથા ઈનર વ્હીલ ક્લબ પાલનપુર સિટીના સંયુક્ત ઉપક્રમે સ્તનપાન સપ્તાહની ઉજવણી અને બાળતંદુરસ્તી હરીફાઈ મુ.ખેમાણા, તા. પાલનપુર મુકામે યોજાઈ. જેમાં ૩૮ બહેનોએ લાભ લીધો. બાળ તંદુરસ્તી હરીફાઈમાં ૦ થી ૧ વર્ષની ઉંમરના ૧૦ બાળકો જોડાયા. પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર ભાવેશભાઈ હસમુખભાઈ ભીલ, પરબત દિનેશભાઈ ભીલ અને બેબી નારણભાઈ પટણીને ઈનામ સ્વરૂપે નીલકટર અને અન્યને કાંસકા તથા તમામ લાભાર્થી બહેનોને ૨૫૦ ગ્રામ મગ ઈનર વ્હીલ ક્લબ પાલનપુર સીટી તરફથી આપવામાં આવ્યા. કાર્યક્રમમાં ચિત્રાસણી સેજાના મુખ્યસેવિકા શ્રી આગ્નેશબહેન, લોકનિકેતન મહાવિદ્યાલયના વિસ્તરણ અધિકારી શ્રી અનિલભાઈ, ઈનર વ્હીલ ક્લબ પાલનપુર સીટીના પ્રમુખ મનીષાબહેન, સેક્રેટરી મંજુલાબહેન, સભ્ય ભાવનાબહેન, પ્રથમ વર્ષના વિદ્યાર્થીની અસ્મીતાબહેન અને બીજા વર્ષના વર્ષાબહેને સગર્ભા અને ધાત્રી માતાએ કેવો આહાર લેવો, જન્મના પ્રથમ કલાકમાં સ્તનપાનની શરૂઆત, છ માસ સુધી ફક્ત સ્તનપાન, સ્તનપાનના ફાયદા, બાળકને ધવડાવવા માટે લેવાની રીત, સ્તનમાં દૂધ બનવાની રીત, દૂધ વધારવાની રીત, અને છ માસ પછીના પૂરક આહાર અંગે માહિતી આપી. આશાવર્કર જશીબહેને બાળકને ધવડાવવા માટે લેવાની પધ્ધતિ સમજાવી.

કાર્યક્રમને સફળ બનાવવા ચિત્રાસણી સેજાના મુખ્યસેવિકા આગ્નેશબહેન, મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના હરેશભાઈ, અસ્મીતાબહેન, સવિતાબહેન અને બીજા વર્ષના પાયલબહેન, વર્ષાબહેન, શ્વેતાબહેન, દેવીબહેન, સોમીબહેન, આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોએ અથાગ મહેનત કરી.

## તંત્રી સ્થાનેથી ...

**સતત મહેનત કર્યાવિના કોઈપણ ફળ મેળવી શકાતું નથી.**

# રાજ્યમાં વરસાદ ખેંચાતા પાકને બચાવવાના પ્રયત્નો જરૂરી

વરસાદ ખેંચાતા સમગ્ર ઉત્તર ગુજરાતમાં ખેડુતો અને પશુપાલકોની સ્થિતિ દયાજનક બની છે. ખેતરોમાં ખેડ ખેડીને મોંઘાભાવનો બીજવારો અને ખાતર નાંખીને ખેડુતોએ જે આશા સાથે વાવણી કરી હતી. તેના પર પાણી ફરી વળ્યું છે. એક બાજુ કૃષિ માટે નર્મદા ડેમમાંથી પાણી છોડવાની માંગણી ગાંધીનગર દોડીને ખેડુતો કરી રહ્યા છે. બીજી તરફ મેઘરાજાએ હાથતાળી આપતાં ગત મંગળવારે મુખ્યમંત્રી રૂપાણીની હાજરીમાં મળેલી હઈપાવર કમિટીની બેઠકમાં નર્મદા ડેમમાંથી કેનાલ માટે જે સ્તરેથી પાણી રીલીઝ થાય છે. ત્યાં સુધી પાણીનું સ્તર ઘટી જવાની સંભાવના જણાય છે. જેના પરિણામ સ્વરૂપ કૃષિ માટે આશરે ૧૫૦૦ જેટલા ગામોમાં છેલ્લા ૨૧ દિવસથી અપાતું નર્મદાનું પાણી બે દિવસમાં બંધ થઈ જતાં પાક નિષ્ફળ જવાની સંભાવનાને નકારી શકાય તેમ નથી.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનું કહેવું છે કે ડેમમાં પાણીનું સ્તર ઘટ્યું હોવાથી આપોઆપ કૃષિ માટે જતું પાણીનું વિતરણ બંધ થઈ જશે. વરસાદ ન આવતાં પાકને બીજા પાક માટે જોઈતું નર્મદાનું પાણી ૧૫૦૦ જેટલા ગામમાં છોડવામાં આવ્યું હતું.

નર્મદા ડેમની સપાટી અત્યારે ૧૧૧ મીટરની છે. જે એક બે દિવસમાં ૧૧૦.૬૪ થાય એટલે કે કૃષિ માટે પાણી છોડવાની જે ટનલ છે. તેનાથી પાણીનું સ્તર નીચે આવી જશે આથી નર્મદા ડેમમાંથી કૃષિ માટે પાણી છોડી શકાય તેમ નથી. તેવી સ્પષ્ટ વાત રાજ્ય સરકારે જણાવી છે.

નર્મદા ડેમમાંથી છેલ્લા ૨૧ દિવસથી કૃષિ માટે પાણી છોડવામાં આવતા વાવણી પછી બીજા તબક્કાનું પાણી પાકને મળી ગયું હતું. પરંતુ જો વરસાદ નહિં પડે તો અને નર્મદા ડેમનું પાણી બંધ થઈ જતાં કૃષિ પાક બચાવી શકાશે કે કેમ તે એક શંકા છે.

જો કે રાજ્યના જળાશયોમાં પાણીને જથ્થો પુરતો હોવાથી પીવાનું પાણી નિયમિત આપી શકાશે. તેવી વાત રાજ્ય સરકારે દોહરાવી છે. જ્યારે કચ્છનો ટપ્પર ડેમ નર્મદાના એમસીએફટી જળથી ભરી દેવામાં આવનાર છે.

રાજ્યમાં ખેડુતોને ૮ થી ૧૦ કલાક વિજળી અપાશે. જ્યાં બોર છે ત્યાં સિંચાઈ થઈ શકશે. એક બોર માલિક બીજા આસપાસના ખેડુતોને પાણી પહોંચાડશે તો બેશક પાકને જીવતદાન મળી રહેશે. ખેડુતોને ૮ થી ૧૦ કલાક વીજળી આપવામાં આવશે તેનાથી સરકારને રૂા. ૨૫૦ કરોડનું ભારણ પડનાર છે.

જ્યાં ૧૨૫ મી.મી.થી ઓછો વરસાદ પડ્યો છે. એવા ૪૪ તાલુકા, ગૌશાળા, પાંજરાપોળ તેમજ પ્રત્યેક પશુપાલકને રૂા. બે ના પ્રતિ કિલોના ભાવથી રાહત દરે ઘાસ આપવાનો સરકારે નિર્ણય જાહેર કર્યો છે. તે બરાબર પરંતુ પ્રત્યેક જિલ્લામાં કેવી રીતે ઘાસનું વિતરણ થશે અને આ બાબતે વચેટીયાઓને દૂર રખાય તે મહત્વની બાબત છે. બારોબાર ઘાસ વગે ન થઈ જાય તે અંગે રાજ્ય સરકારે તકેદારી રાખવી જરૂરી છે. વર્તમાન સ્થિતિ તરફ નજર કરીએ તો રાજ્યના ૨૫૧ તાલુકા પૈકી ગત મંગળવાર સુધીમાં ૨૫૧ થી ૫૦૦ મી.મી. વરસાદ ધરાવતા ૯૦ તાલુકા અને ૧૨૬ મી.મી. થી ૨૫૦ મી.મી. વરસાદ વરસ્યો હોય તેવા ૪૪ તાલુકા છે. જોકે હાલમાં સિંચાઈ અને પીવાના પાણીની કટોકટી સર્જાય તે પહેલા સરકારે કૃષિ માટે કૃત્રિમ વરસાદ વરસાવવા માટે આયોજન વિચારવું જોઈએ.

## મહિન્દ્રા પાવરોલે ગુજરાતમાં હાઈ પાવર જનરેટરની નવી રેન્જ લોંચ કરી




અમદાવાદ

૨૦.૭ અબજ ડોલરનાં મહિન્દ્રા ગ્રૂપનાં બિઝનેસ યુનિટ મહિન્દ્રા પાવરોલે આજે પર્કિન્સિ ૨૦૦૦ સીરિઝ એન્જિન્સથી સંચાલિત ૪૦૦/૫૦૦/૬૨૫ kVA DG લોંચ કરીને વધારે ક્ષમતા ધરાવતાં ફ્ક્ઝ જનરેટર્સની રેન્જ વધારી હોવાની જાહેરાત કરી હતી. ચેન્નાઈમાં મહિન્દ્રા રિસર્ચ વેલીમાં તેનાં સંશોધન અને વિકાસ કેન્દ્રમાં ડિઝાઈન થયેલ તથા પૂણે નજીક ચાકણમાં તેનાં પ્લાન્ટમાં ઉત્પાદિત ૧૨.૫ લિટરથી ૧૮ લિટરનાં પર્કિન્સ એન્જિન ધરાવતાં જનરેટરનાં સેટની આ નવી રેન્જ મહિન્દ્રા પાવરોલની ઊંચી kVA સીરિઝમાં લેટેસ્ટ વધારો છે. પર્કિન્સિ ૨૦૦૦ સીરિઝ ઈલેક્ટ્રોનિક એન્જિન બજારમાં પોતાની આંતરરાષ્ટ્રીય સ્તરની ગુણવત્તા અને કાર્યદક્ષતા માટે પ્રસિદ્ધ છે. તેઓ ટર્બોચાર્જ છે અને એર-ટૂ-એર ચાર્જ કૂલ છે, જે યુરો સ્ટેજ IIIA/U.S. EPA ટિઅર ૩ સર્ટિફિકેટ ધરાવે છે તેમજ ભારતનાં ઝઁઝ્ર્ઁ ઉત્સર્જનનાં ધારાધોરણોનું પાલન કરે છે. અસરકારક હેવી-ડ્યુટી ઔદ્યોગિક આધારમાંથી વિકસાવેલ એન્જિન શ્રેષ્ઠ પર્ફોર્મન્સ અને વિશ્વસનિયતા ઓફર કરે છે. આ એન્જિન મુખ્યત્વે અને ૪૦૦-૬૨૫ kVAની DG રેન્જ ઈચ્છતાં ગ્રાહકો માટે આદર્શ છે.

“પાવરોલમાં અમે ઊંચા ફ્ક્ઝની રેન્જમાં અમારી પ્રોડક્ટ ઓફરને મજબૂત કરવામાં માનીએ છીએ. આજે ગુજરાતમાં ૪૦૦/૫૦૦/૬૨૫ ફ્ક્ઝ જેનસેટ લોંચ થવાની સાથે અમે હવે 5kVAથી ૬૨5kVAની રેન્જનાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત જેનસેટ ધરાવીએ છીએ. આ અમને નવા સેગમેન્ટમાં વૃદ્ધિ કરવાની મોટી તક આપશે તથા રાજ્યની અંદર અમારાં ગ્રાહકોને વિવિધ પ્રકારનાં, આંતરરાષ્ટ્રીય સ્તરનાં જેનસેટ મળશે.”સેન્ટ્રલાઈઝ કોલ સેન્ટર એલર્ટ ૨૪૮૭ ગ્રાહકને તાત્કાલિક સપોર્ટ આપવા સુસજ્જ છે. નિષ્ણાતોની ટીમ શક્ય ઓછા સમયમાં ગ્રાહકને મદદ કરવા અતિ અસરકારક અને અનુકૂળ સોલ્યુશન પસંદ કરવામાં મદદ કરી શકે છે.કંપનીએ વર્ષ ૨૦૦૧-૦૨માં પાવર જનરેશન ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૦૧-૦૨ની શરૂઆતથી તેનો વ્યવસાય વધીને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૧,૪૦૦ કરોડ થઈ ગયો હતો. અત્યારે મહિન્દ્રા પાવરોલનાં એન્જિનમાં પાફ્ક્ઝથી ૬૨૫ ફ્ક્ઝ સુધીનાં ડિઝલ જનરેટિંગ સેટ સામેલ છે.શરૂઆતથી મહિન્દ્રા પાવરોલે ભારતીય જેન્સેટ ઉદ્યોગમાં અતિ ટૂંકા ગાળામાં હરણફાળ ભરી છે. મહિન્દ્રા પાવરોલ ડીજી સેટ ભારત અને વિશ્વમાં ટેલીકોમ કંપનીઓની પ્રથમ પસંદગી છે. બ્રાન્ડ છેલ્લાં સતત ૧૧ વર્ષથી ભારતીય ટેલીકોમ ઉદ્યોગમાં વર્ચસ્વ ધરાવે છે.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## બીજા ગ્લોબલ ટેક્સટાઈલ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરીંગ શો ૨૦૧૯નું આયોજન

**ટેકસટાઈલ ટેકનોલોજી માટે મહત્તમ સોર્સિંગ સોલ્યુશન્સ અને આફ્રિકામાં જીટીટીઈએસ, ૨૦૧૯ ભારતમાં નવી તકો સાથે જોડાણ**

**ફોટો : શાંતી શાહ**




અમદાવાદ

જીટીટીઈએસ એ ગ્રોથ કેટેલિસ્ટ અને ઓપ્ટિમમ બિઝનેસ પ્લેટફોર્મ છે જેમાં વધુ બિઝનેસ સાથે નવા ગ્રાહકોને ભારતની આફ્રિકા અને સાઉથ-ઈસ્ટ એશિયામાં ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં વધતી માંગ માટે સૌથી ઉત્તમ સોર્સિંગ સોલ્યુશન ઓફર કરે છે.આફ્રિકા તેની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી સાથે અને ભારત જે રીતે ટેક્સટાઈલ ટેકનોલોજી અને એન્જિનિયરીંગ સોલ્યુશન્સ ઘરેલુ ઉત્પાદકો અને યુરોપીન મશીનરી કે જે મેઈડ ઈન ઈન્ડિયા છે તેનાથી શક્ય એટલો ઉત્તમ તાલમેળ સાધવા પ્રયાસ થઈ રહ્યો છે. જીટીટીઈએસ ૨૦૧૯ વન સ્ટોપ સોર્સિંગ સોલ્યુશન આફ્રિકાની માગ પરિપૂર્ણ કરવા માટે છે જે ઈથોપિયા ઘાના, બોત્સવાના, સાઉથ આફ્રિકા, તાન્ઝાનિયા, બેનીન, ટોગો, સાઉથ સુદાનના આફ્રિકન ડેલિગેટ્સની મુંબઈમાં ૧૮ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ આયોજિત બીટુબી મીટિંગ્સ દ્વારા પરિપૂર્ણ થશે. આ સોનેરી તક મશીનરી મેન્યુફેક્ચરર્સ અને એક્સેસરી મેન્યુફેક્ચરર્સ માટે છે કે જેથી તેઓ પોતાના દેશ માટે નવી તકો મેળવી શકે છે અને ખર્ચ ઓછો કરી શકે છે.આફ્રિકા સિવાય નવા માર્કેટસ, ભારત નવા ગ્રાહકો અને નવી તકો માટે ઈજિપ્ત, બાંગ્લાદેશ, કોરિયા, ઉઝબેકિસ્તાન, ઈરાન, શ્રીલંકા વગેરે દેશોના ડેલિગેટ્સ માટે સોર્સિંગ સોલ્યુશન્સ માટે લક્ષ આપી રહ્યું છે. “જીટીટીઈએસની બીજી આવૃતિ ખાસ કરીને રોમાંચક રહેશે કેમકે તમામ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ્સ આ ઈવેન્ટને ટેક્સટાઈલ અને ટેક્સટાઈલ એન્જિનિયરીંગ સેક્ટરને વધુ પ્રોત્સાહિત અને સન્માનિત કરવાના મેઈક ઈન ઈન્ડિયા ઈનિશિયેટીવ સાથેની ઘરેલુ આવશ્યકતાને પરિપૂર્ણ કરવા પ્રયાસરત છે”. અમદાવાદ ગુજરાતમાં પાવરલૂમ્સ માટે મુખ્ય ટેક્સટાઈલ હબ છે અને પાવરલૂમ સેક્ટર ભારતીય ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી માટે જીવાદોરી છે જ્યાં મહારાષ્ટ્ર પછી સૌથી વધુ સંખ્યામાં લૂમ્સ છે અને જીટીટીઈ એક્ઝિબિશનમાં વિશ્વભરમાંથી વિવીંગ સેગમેન્ટમાંથી સંપૂર્ણ રેન્જ પ્રદર્શિત થશે.

## ન્યુજર્સીમાં વાડીલાલ ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૧૮નું આયોજન

વાડીલાલ ઈન્ટરનેશનલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટિવલનું ૩ ઓગસ્ટ ૨૦૧૮થી પહેલીવાર ન્યુ જર્સી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ચર્ચિત આ ફેસ્ટિવલને મીડિયા દ્વારા ત્યારથી જ ખુબ આવકાર મળ્યો હતો જ્યારે અમદાવાદ ખાતે પ્રેસ કોન્ફરન્સમાં આ અંગે જાહેરાત કરવામાં આવી અને જયારે ફેસ્ટિવલ ડાયરેક્ટર શ્રી ઉમેશ શુક્લાએ ફેસ્ટિવલ અંગેનું પોતાનું આયોજન જાહેર કર્યુ ત્યારે મીડિયાએ સંપૂર્ણ ખ્યાલને સારો પ્રતિસાદ આપ્યો. ગુજરાતી ફિલ્મોમાં સભ્યોએ પણ આ મોટા દરજ્જાના ઈવેન્ટને સહકાર આપ્યો જેનું પ્રતિબિંબ પહેલા દિવસે જોવા મળ્યું. લગભગ ૫૦૦૦ લોકોએ આ ૩ દિવસીય ફેસ્ટિવલની મુલાકાત લીધી હતી. ૨૩થી વધારે ફિલ્મોનું સ્ક્રીનીગ થયું હતું, જેમાં ૧૨ ફિચર ફિલ્મો, ૪ ફિલ્મોનું સ્પેશિયલ સ્ક્રીનીગ( શરતો લાગુ , ધાડ, ઢ અને ધ કલર્સ ઓફ ડાર્કનેસ ) તથા ૩ ડોક્યુમેન્ટરી ફિલ્મો તથા ૪ શોર્ટ ફિલ્મો દર્શાવવામાં આવી હતી.

પહેલા દિવસે ન્યુ જર્સીમાં દીપ-પ્રાગટ્ય સાથે પ્રારંભ સમારોહ યોજાયો હતો. ભારતીય સમુદાય, મુખ્ય અતિથીઓ સાથે ૧૦૦૦થી વધુ લોકોએ પહેલા દિવસે પોતાની હાજરી નોંધવી હતી. પહેલા દિવસનું સૌથી મોટું આકર્ષણ ઓપનીગ ફિલ્મ ‘રેવા’ હતું તથા એ જ દિવસે ‘શરતો લાગુ’ ફિલ્મનુંજીછ પ્રિમીયર યોજવામાં આવ્યું હતું. ડાયરેક્ટર સાથે સવાલ-જવાબના એક સેશન સાથે પહેલા દિવસની પુર્ણાહુતી થઇ હતી.બીજા દિવસે અન્ય ફિલ્મોના સ્ક્રીનીગની સાથોસાથ ડાયરેક્ટર પરેશ નાયક, લતેશ શાહ, સુજાતા મહેતા, મધુ રાઈ સાથે ‘ગુજરાતી સિનેમાના વર્તમાન ટ્રેન્ડ’ વિષય પર વર્કશોપનું આયોજાણ કરવામાં આવ્યું હતું.છેલ્લા દિવસે ફેસ્ટિવલની કલોઝિંગ ફિલ્મ ‘ઢ’ હતી જેને ૨૦૧૮માં નેશનલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## ડીસીએમ શ્રીરામ લિમિટેડે Q1 FY19 માટે પોતાના નાણાકીય પરિણામોની ઘોષણા કરી

ત્રિમાસિકના નાણાકીય વર્યના પ્રદર્શન પર પોતાના વિચાર જણાવતાં ચેરમેન તથા સિનિયર મેનેજિંગ ડાયરેક્ટર અજય શ્રીરામ તથા વાઈસ ચેરમેન તથા મેનેજિંગ ડાયરેક્ટર વિક્રમ શ્રીરામે જણાવ્યું કે, કંપનીએ આ ત્રિમાસિકમાં ફરીથી સંતોષજનક પ્રદર્શન કર્યું છે. અમે અમારા બિઝનેસને સશક્ત બનાવવા માચે સતત પ્રયાસરત છીએ. કંપની વોલ્યૂમ, પ્રતિસ્પર્ધા વધારવા માટે સતત રોકાણ કરી રહી છે. અમારું માનવું છે કે આમારા આ પ્રયાસ કંપનીના સતત વિકાસમાં યોગદાન આપશે.અમે ક્લોર-એલ્કલીની પૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરી લીધી છે. આ ક્ષમતામાં વિસ્તારની યોજના બનાવવામાં આવી છે. ઓક્ટોબર ૧૮થી સપ્ટેમ્બર ૧૯ દરમિયાન પ્રાવસ્થાઓમાં તેમનું સંચાલન શરૂ કરવામાં આવશે.ઓક્ટોબર ૧૯માં શરૂ થનાર નવો પાવર પ્લાન્ટ વિજળીના રકમમાં ઘટાડો લાવશે. અમે ક્લોરીનનો ઉપભોગ વધારવા માટે કામ કરી રહ્યાં છીએ, આ દિશામાં ઊર'૧૯ માં એલ્યુમિનિયમ ક્લોરાઈડ પ્લાન્ટની શરૂઆત કરવામાં આવશે.ખાંડ કારોબારની વાત કરીએ તો આવનાર ૧૮ મહિનાઓમાં ડિસ્ટલરી ક્ષમતાને વધારવામાં આવશે અને પ્રાવસ્થાઓમાં આ વિસ્તાર કરવામાં આવશે. આનાથી ખાંડના કારોબારમાં સ્થિરતા આવશે.અમે બાયોસીડ, ફાર્મ સમાધાન તથા ફેનેસેટા કારોબારમાં પણ પોતાના પ્રોડક્ટ પોર્ટફોલિયોને સશક્ત બનાવવા માટે કામ કરી રહ્યાં છીએ.

## અમદાવાદમાં સેલ્ફી સ્માર્ટફોન્સની સિરિઝના લોન્ચિંગ સાથે મોબીસ્ટારે ગુજરાતમાં પ્રવેશ કર્યો



અમદાવાદ

ઈન્ટરનેશનલ સ્માર્ટફોન બ્રાન્ડ મોબીસ્ટાર દ્વારા આજે ગુજરાતના ઓફલાઇન માર્કેટમાં પ્રવેશવાની જાહેરાત કરાઇ છે, જેમાં ૫ સેલ્ફી સેન્ટ્રિક સ્માર્ટફોન લાવશે. મોબીસ્ટારની નવી રેન્જમાં - C1, C2, E1 સેલ્ફી અને X1 ડ્યુઅલનો સમાવેશ થાય છે અને આ બ્રાન્ડ યુઝર્સ અનુભવ લાવશે અને વાજબી પ્રાઇસ પોતાનો શ્રૈષ્ઠ સેલ્ફીનો અનુભવ પૂરો પાડશે. ગુજરાતમાં કામકાજ વધારવા માટે મોબીસ્ટાર ૩૨ ડિસ્ટ્રીબ્યૂટર્સ અને ૩૦૦૦ રિટેલર્સને ભાગીદાર બનાવશે, જે ઓફલાઇન માર્કેટમાં તેની એન્ટ્રી છે. આ કંપની ગુજરાતમાં ૨૦૦થી વધુ કર્મચારીઓની ભરતી કરવાની સાથે-સાથે ૪૦ સર્વિસ સેન્ટર સ્થાપશે જેના દ્વારા કસ્મટર્સને શ્રેષ્ઠત્તમ અનુભવ આપવાનો પ્રયત્ન કરશે. આ તમામ ડિવાઈસ સમગ્ર ભારતમાં ૯મી ઓગસ્ટથી ઉપલબ્ધ થશે. પશ્ચિમ ભારતમાં પુના બાદ ગુજરાત બીજું શહેર છે જે મોબીસ્ટાર આગળ વધતા પહેલાં પોતાનો મજબૂત વિકાસ કરશે. પશ્ચિમ ભારતમાં સ્માર્ટફોન પેનેટ્રેશન અત્યંત ઊંચી છે જ્યાં ૨૮ ટકા વેલ્યૂ છે, આથી આ જ કારણસર આ બજાર મોબીસ્ટાર આટલું મહત્વ ધરાવે છે. અમારો ફોન સેલ્ફી આધારિત ભારતીયનો પુરો પાડે છે જેનો ખર્ચ પ્રત્યે સભાન છે તેમને મોબીસ્ટાર વાજબી પ્રાઇસ સાથે યુઝર્સને અર્થપૂર્ણ અનુભવ પૂરો પાડે છે. અમે અમારા ગ્રાહકોને અમારી નવી શ્રૈણીથી ચમકવા અને વધુ આનંદની તક આપવા માંગીયે છીએ અને તેમને શ્રેષ્ઠત્તમ સર્વિસ ક્વોલિટી પૂરી પાડવા માટે સગવડ આપવાની ખાતરી આપવા માંગીયે છીએ. અમારી નવી શ્રૈણી સેલ્ફી સેન્ટ્રીક સ્માર્ટફોન સાથે અમે વર્ષના અંત સુધીમાં અફોર્ડેબલ સેગમેન્ટમાં ટોચના ૫ સ્માર્ટફોન બ્રાન્ડ્સનો એક ભાગ બનવાનું લક્ષ્ય રાખીયે છીએ.”

## નેધરલેન્ડ બીઝનેસ સપોર્ટ ઓફીસ થકી ગુજરાતમાં ઈન્ડિયન અને ડચ કંપનીના જોડાણથી ગુજરાત ને નેધરલેન્ડની ટેકનોલોજીની નિપુણતા મળશે



ગુજરાત સીડ વેલી ફેડરેશન ની મીટીંગ અમદાવાદ ખાતે યોજાઇ ગઇ આ ઈવેન્ટ નુ આયોજન નેધરલેન્ડ બિઝનેસ સપોર્ટ ઓફીસ દ્વારા કરવામાં આવેલ. નેધરલેન્ડ બીઝનેસ સપોર્ટ ઓફીસ ગુજરાત અને નેધરલેંડ ની કંપનીઓ વચ્ચે જોડાણ માટે સહાયક છે . ડચ ની કુલ ૬ સીડ ઉત્પાદક કંપની અને ૨ ટેકનોલોજી કંપનીએ આ ઈવેન્ટ માં હાજરી આપી હતી. વિવિધ પ્રોજેક્ટ અંતર્ગત નેધરલેંડ ની કપનીઓની ટેકનોલોજીનો લાભ ગુજરાતની કંપનીને મળશે . નેધરલેંડ ના ઈનીડ્યાના એમ્બેસેડર એલ્ફોન્સ સ્તોલીન્ગા એ તેમની ઈન્ડિયા ખાતેની ટર્મ પૂરી થતા આયોજિત ફેરવેલ સેરેમની માં જણાવ્યું હતું કે “ઈન્ડીયન અને ડચ કપનીના કોલોબરેશનરથી દ્વર્મ્જીદ્વારા નેધરલેંડ ની નિષ્ણાત ટેકનોલોજી પૂરી પાડવામાં આવશે જે વધુ ગુણવત્તા વાળા પાકના ઉત્પાદનમાં સહાયક બનશે.” ડચ કંપની ની ટેકનોલોજી નો લાભ લઇ ગુણવત્તાયુક્ત વધુ પાક માટે ગુજરાત અને ડચ કંપનો ઓ ના કોલોબરેશન થી અનેક પ્રોજેક્ટ શરુ કરાશે .

## ગાંધીનગર, ગુજરાત ખાતે પ્રતિષ્ઠિત ટ્રક અને ટ્રેલર એક્સપોમાં અજીત ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ



ટ્રક, ટાયર અને ટ્રેલરનો વ્યવસાય ભારતમાં એક ઊભરી રહેલો અને વિકસી રહેલો વ્યવસાય છે જે તકનીકી નવીનીકરણ તેમજ ગ્રાહક સેવા અભિગમમાં ફેરફાર દ્વારા ઉત્પાદકો અને ગ્રાહકો માટે સમાન તકો પૂરી પાડે છે. ટ્રક, ટ્રેલર અને ટાયર એક્સ્પો ૨૦૧૮ એ ખરીદદારો અને વેચાણકર્તાઓ વચ્ચેના તફાવતને દૂર કરવા અને ટ્રક, ટ્રેઈલર અને ટાયર માર્કેટને શોધવા માટે એક મંચ પર લાવવા માટેનું પ્રદર્શન છે. અજીત ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ કે જે દેશમાં અગ્રણી ટેપ ઉત્પાદક છે, તેણે ગાંધીનગર, ગુજરાત ખાતે ત્રીજા ટ્રક, ટ્રેલર અને ટાયર એક્સપોમાં ભાગ લીધો હતો.

AIPL નો ધ્વજ એક્સપો ના પ્રવેશદ્વાર પર ઊંચો લહેરાતો હતો અને કન્વેન્શન સેન્ટર ખાતે તેમનું આકર્ષક મથક હતું.AIPLના મથકને ઓટોમોટિવ અને પરિવહન વ્યવસાયો તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો અને ઘણા ઉદ્યોગપતિઓએ તેની મુલાકાત લીધી હતી.આ અદભૂત એક્સપો, કે જે ટ્રક, ટ્રેલર અને ટાયરના તમામ ખરીદદારો અને વેચાણકર્તાઓને એકબીજા સાથે જોડાવાની અને ઓટોમોટિવના બજારને અનન્ય અને કાર્યક્ષમ રીતે જાણવાની તક આપે છે, તેમાં ભાગ લઈને અમને ખૂબ આનંદ થાય છે. અમે, છૈઁન, ટેપ અને ઘર્ષક ઉત્પાદની વિવિધ શ્રેણીનું ઉત્પાદન કરીએ છીએ, જે ઓટોમોટિવ ઉત્પાદનોના ઉત્પાદન, સંયોજન અને પેઈન્ટિંગ માટે અસરકારક, સ્માર્ટ અને સ્થાયી ઉકેલ આપે છે.

એક્સપોમાં AIPLપાસે ઓટોમોટિવ ઉદ્યોગમાં વપરાશ માટે વિવિધ શ્રેણીની ટેપ હતી જેમાં સરફેસ પ્રોટેક્શન ટેપ, માસ્કિંગ ટેપ્સ અને ડાઇ કટ સોલ્યુશન્સ અને કોન્સ્પિક્યુઈટી ટેપનો સમાવેશ થાય છે. તેમણે AIPL ૦૯૦ ધોરણ મુજબ પ્રતિબિંબીત આડી અને ઊભી સ્થિતિની એપ્લિકેશન ધરાવતી ઓછા પ્રકાશ અને નબળી દૃશ્યતા માટેની AIPL કોન્સ્પિક્યુઈટી ટેપ્સને પ્રદર્શિત કરી. તેની સાથે સપાટી પર તેમજ હેંડલિંગ, હેરફેર તેમજ ઈન્સ્ટોલ કર્યા બાદ આંકા ન પડે તે માટે બનાવેલ સરફેસ પ્રોટેક્શન ટેપ, ઓટોમોટિવ રિફિનિશિંગ અને ધાતુના ફેબ્રિકેશન માટે વેલ્ક્રો ડિસ્ક પણ પ્રદર્શિત કરી.AIPL એ એક્સપોમાં હાજર દરેક ભાગ લેનારને ફેંક મત બેગ આપીને અને કચરો રસ્તા પર ફેંકવાને બદલે ગાડીમાં કચરો ભરવા માટેની થેલી રાખવા માટે જાગરૂકતા ફેલાવીને તેમની એન્ટી-કાર લિટર (Anti Car Litter) પહેલ, ફેંક મત, ને પણ વેગ આપ્યો.

## નિક્લોડિયને પ્રિન્સ મેજિક “રુદ્ર” સાથે સ્કૂલની મોજમસ્તી કરી




રજાઓ પૂરી થઈ ચૂકી છે અને સ્કૂલ ફરી ધમાકાભેર શરૂ થઈ ચૂકી છે. આ સંપૂર્ણ સ્કૂલના અનુભવમાં મેજિક મસ્તીનો ઉમેરો કરવા માટે નિક્લોડિયન આ સીઝનમાં અમુક મેજિક, મનોરંજન અને મોજમસ્તી માટે તેના સ્કૂલ કોન્ટેક્ટ પ્રોગ્રામ સાથે ક્લાસરૂમ્સમાં પ્રિન્સ ઓફ મેજિક રુદ્ર લાવી છે.બાળકો માટે સ્કૂલ કોન્ટેક્ટ પ્રોગ્રામના ભાગરૂપે નિક્લોડિયન નવા રિચફીસ્ટ કૂકી કેક અને એપિસ ફ્રુટિલિસિયસ જેમ સાથે સહયોગમાં મેકવિટીઝ, ક્રીમ બિસ્કિટ્સ, કેસિયો મિની કીબોર્ડ, પાર્લે મહા મઝેલો દ્વારા કો- પાવર્ડ ડટોક પ્રેઝેન્ટેસ નિક્લોડિયન મેજિક મસ્તી મોજમસ્તીભરી ગેમ્સ અને પ્રવૃત્તિઓ સાથે બાળકોને સહભાગી કરીને સ્કૂલનો સમય મોજમસ્તીભર્યો બનાવશે. આ નવી ઝુંબેશ નિક્લોડિયનની મેજિક મસતી ટેલિવિઝન સ્ક્રીનની બહાર લાવશે અને ક્લાસરૂમમાં દાખલ કરશે, જેથી સ્કૂલમાં બાળકોનું અમુક મેજિક સાથે પુનરાગમન પર સ્વાગત થાય તેની ખાતરી રહેશે.નિક્લોડિયન પર છ સપ્તાહની લાંબી આ સ્કૂલની પ્રવૃત્તિઓમાં ૮ શહેરની ૨૫૦ સ્કૂલોને આવરી લેવાશે, જેમાં મુંબઈ, દિલ્હી, પુણે, ચેન્નાઈ, અમદાવાદ, બેન્ગલુરુ અને હૈદરાબાદનો સમાવેશ રહેશે.તો આ સ્કૂલની સીઝન માટે નિક્લોડિયન સાથે અમુક મેજિક મસ્તી ઉમેરવા બાળકો તૈયાર થઈ જાઓ.

## દીપક નાઈટ્રાઈટ નાણાંકીય વર્ષ ૨૦૧૯ ના પ્રથમ કવાર્ટર સ્થિર પ્રગતી દર્શાવી

અમદાવાદ

દીપક નાઈટ્રાઈટ લી.કેમીકલ ઈન્ટરમીડીયેટસમાં અગ્રણી મેન્યુફેકચરર છે તે બેઝીક કેમીકલ્સ, ફાઈન એન્ડ સ્પેશ્યાલીટી કેમીકલ્સ અને પર્ફોર્મન્સ પ્રોડકટસનાં વિશાળ પોર્ટફોલીયો ધરાવે છે. તેણે ૩૦ જુન ૨૦૧૮ ના રોજ પુરા થયેલા કવાર્ટરના નાણાંકીય પરીણામો જાહેર કર્યા હતા.

નાણાંકીય વર્ષ ૨૦૧૯ માં મજબુત ડબલ ડીજીટ ગ્રોથ આવક, ઈબીઆઈટીડીએ અને પ્રોફીટ આફટર ટેકસમાં દર્શાવ્યો છે અમે વધતા ઈનપુટ કોસ્ટને ગ્રાહકો સુધી પહોંચાડવા સક્ષમ છીએ અને વધતી ઓઈલની કીંમતો વચ્ચે એકસપોર્ટ અને સ્થાનીક માર્કેટસમાં વધુ વોલ્યુમ નોંધાવ્યું છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૯ અમારા માટે રોમાંચક સાબીત થઈ રહ્યું છે. કેમ કે અમે અમારા ફેનોલ અને એસીટોનના દહેજ ખાતેના મેગા ગ્રીનફીલ્ડ પ્રોજેકટનો આ મહીનામાં પ્રારંભ કરી રહ્યા છીએ. આનાથી કંપની માટે આવક અને નફામાં હરણફાળ ભરવા જેવી સ્થિતી પ્રારંભીક સ્તરે જોવા મળશે અને એ રીતે અમે વેલ્યુ ઈમ્પોર્ટ સબસ્ટીટયુટસ માટે પ્રગતીના નવા દ્વાર પણ ખુલશે.સંપૂર્ણ ક્ષમતા સાથે અમને આશા છે કે અમારો પ્લાન્ટ આયાત ખર્ચમાં ૪૦૦ મીલીયન ડોલર જેટલી બચત કરાવશે.

## થર્ડ ફેલોશિપ કોર્સ ઈન બેરિયાટ્રીક એન્ડ મેટાબોલિક સર્જરી – લેપ્રોસ્કોપિક સર્જરી-બેરિયાટ્રીકમાં પ્રગતિ




અમદાવાદ

ઈન્ડિયન સોસાયટી ઓફ ગેસ્ટ્રોઈન્સ્ટેસ્ટીનલ એન્ડો સર્જન્સ (જીઈ્ય)ના ઉપક્રમે એશિયન બેરિયાટ્રીક દ્વારા અમદાવાદમાં એડવાન્સ્ડ લેપ્રોસ્કોપિક સર્જરી-બેરીયાટ્રીક(FALS-Bariatric)ના ત્રીજા ફેલોશિપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અગ્રણી બેરીયાટ્રીક સર્જન અને ઓર્ગેનાઈઝીગ ચેરમેન ડો. મહેન્દ્ર નારવરીયા અને ઓર્ગેનાઈઝીગ સેક્રેટરી ડો. સંજય પાટોલીયા આ આ ૩ દિવસના સમારંભમાં પોતાની નિપુણતા વડે પ્રોગ્રામનુ નેતૃત્વ સંભાળી રહ્યા છે. અંદાજે ૫૦ જેટલી નેશનલ અને ઈન્ટરનેશનલ ફેકલ્ટી આ ૩ દિવસના સમારંભમાં હાજરી આપશે. સમારંભમાં સેમિનારો, પેનલ ચર્ચાઓ, અને પરામર્શનુ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષનો ફેલોશિપ કોર્સ બેરીયાટ્રીક સર્જરીને લગતા વિષયોને આવરી લેશે. ફેલોશિપ કોર્સના આયોજન પાછળનો ઉદ્દેશ એ છે કે જે કોઈ ફેલોશિપ પ્રોગ્રામમાં હાજરી આપે તેને અમારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો પાસેથી વર્કશોપ જેવા કાર્યક્રમો દ્વારા તાલિમ પ્રાપ્ત કરે, જેથી તે દર્દીઓની સલામતિ બાબતે વધુ ધ્યાન આપવાનુ શિખી શકે અને એ દ્વારા વધુ બહેતર કામગીરી કરી શકે. “ આ કોર્સ એક અનોખુ જ્ઞાનવર્ધક પ્લેટફોર્મ બની રહેશે, જેમાં જ્ઞાનની પ્રાપ્તી ઉપરાંત દુનિયાભરની વિઝીટીંગ મેડિકલ ફેકલ્ટીઝ તાજેતરમાં આ ક્ષેત્રે હાંસલ થયેલી સિધ્ધિઓ તથા નવી ગતિવિધી અંગે માહિતગાર કરશે. “ આ ત્રણ દિવસના ફેલોશિપ પ્રોગ્રામના ભાગ તરીકે એશિયન બેરીયાટ્રીક હોસ્પિટલ ખાતે ૧૫ સર્જરી કરવામાં આવશે અને થ્રીડી ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમારંભના સ્થળે તેનુ ટ્રાન્સમિશન કરાશે. થ્રીડી ટેકનોલોજીથી આ પ્રકારની સર્જરી ટ્રાન્સમીટ કરાઈ હોય તેવી આ ભારતની પ્રથમ ઘટના છે. “

## ડાન્સ દીવાને પર અક્ષય કુમાર પ્રભદીપને ’ગોલ્ડ’ મેડલથી પરસ્કૃત કરે છે



કલર્સના ડાન્સ દીવાનેના મંચ પર દેશદાઝ કબ્જો જમાવે છે કેમ કે પ્રતિસ્પર્ધીઓ ભારે હર્ષોલ્લાસથી સ્વતંત્રા દિવસની ઉજવણી કરે છે. પોતાની આવી રહેલ મૂવી ’ગોલ્ડ’ના પ્રમોશન માટે બોલીવુડના પ્રતિભાશાળી જવાન, અક્ષય કુમાર અને સોહામણી મૌની રોયે ડાન્સ દીવાનેના મંચને શોભાયમાન કર્યું તો આપણા દેશ માટેનો જુસ્સો અને પ્રેમ ખૂબ ઉપર હતાં.

આ અઠવાડિયે પણ, પ્રતિસ્પર્ધીઓએ ડાન્સ માટેની પોતાની દીવાનગીને પોતાના ચમત્કૃત કરી દેતાં અને જુસ્સો લઇ આવનાર પરફોર્મન્સિસ વડે પ્રદર્શિત કર્યાં. સ્વતંત્રતા દિવસ થીમ હોવાથી, જજિસ સહિત દરેક જણ સ્વતંત્રતા સેનાનીઓ અને તેઓના સંઘર્ષ જેણે આપણને આ ઝળહળતા દિવસની ઉજવણી કરવા મદદ કરી છે તેમના અંગે વિચારતાં અને તેમને સલામ કરતાં કરી દીધાં.

એક એવું પરફોર્મન્સ જેણે શોને જીતી લીધું તે હતું, માધુરી દિક્ષિત દ્વારા પ્રભાવિત થઇ વન્ડર બોય નામ આપવામાં આવ્યું તે પ્રભદીપ દ્વારા કરવામાં આવેલ. અઠવાડિયે દર અઠવાડિયે પોતાની જાતને પડકારવા માટે જાણિતા, પ્રભદીપે, ’ખૂન ચલા’ પર ધારા પ્રવાહ પરફોર્મન્સ આપ્યું એમની આંખે પાટો બાંધવામાં આવ્યો હોવા છતાં પણ. શક્તિશાળી પરફોર્મન્સે એમને જજિસ તરફથી ઉભા થઇને વધાવી લેવડાવ્યાં.

એમની ક્ષમતાથી અજાણ અક્ષય કુમારને જયારે પ્રભાદીપની ખામી અંગે જણાવવામાં આવ્યું તો તેઓ આશ્ચર્ય પામ્યાં. વિકલાંગતા હોવા છતાં પણ કલા પ્રત્યેના એમના નિરંતર સમર્પણ અને એ જે જાદૂ જગાવે છે તેના પર એમને અત્યંત ગર્વ થયો.

અક્ષયના આ નમ્ર ભાવથી માધુર દિક્ષિત ભાવપૂર્ણ થઇ અને પ્રભદીપની પ્રશંસા કરી, "પ્રભદીપ પ્રેરાણા સ્વરૂપ છે અને પોતાની જાતને પડકારતા રહેવાનું તેનું બળ એક સાચા ડાન્સરનું ચિહ્ન છે."

વધુ અદભુત પરફોર્મન્સિસ જોવા ડાન્સ દીવાને સાથે જોડાયેલા રહો દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે ફક્ત કલર્સ પર.

# સિને-સરિતા



## જેક્લીનની ડ્રાઈવ ફિલ્મ હવે સાતમી સપ્ટેમ્બરે રજૂ કરાશે



રેસ-૩ ફિલ્મમાં કામ કર્યા બાદ ફિલ્મની સફળતા બાદ જેક્લીન હાલમાં ભારે ખુશ દેખાઈ રહી છે. તેની હવે ડ્રાઈવ નામની ફિલ્મ રજૂ થનાર છે. આ ફિલ્મ સાતમી સપ્ટેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. તેમાં તેની સાથે સુશાંત સિંહ રાજપુત મુખ્ય રોલ કરી રહ્યો છે. ફિલ્મ ભરપુર એક્શનથી ભરેલી રહેશે. બન્નેની જોડી પણ પ્રથમ વખત સાથે આવી રહી છે. જેક્લીનની સલમાન સાથેની ફિલ્મ રેસ-૩ બોક્સ ઓફિસ પર ભારે ધુમ મચાવી ચુકી છે. આ ફિલ્મમાં તેની સાથે ડેઝી શાહ, બોબી દેઓલ અને અનિલ કપુરની પણ ભૂમિકા છે. જેકલીન પણ બોલિવુડના અન્ય કલાકારોની જેમ સલમાનની સાથે સારા સંબંધના કારણે સતત સફળતા હાંસલ કરી રહી છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## હવે ટોટલ ધમાલમાં માધુરી દિક્ષિત અનિલ કપુરની સાથે



ફિલ્મ ટોટલ ધમાલનુ શુટિંગ આખરે શરૂ કરી દેવામાં આવ્યુ છે. ફિલ્મ સાતમી ડિસેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં હવે સેક્સી ઈશા ગુપ્તાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ફિલ્મને લઈને જોરદાર કામ શરૂ કરવામાં આવ્યુ છે. ફિલ્મમાં અનિલ કપુર, અજય દેવગનની પણ મુખ્ય ભૂમિકા છે. ફિલ્મમાં અભિનેત્રી તરીકે માધુરી દિક્ષિતને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી સોશિયલ મિડિયા પર ફિલ્મના સેટ્સ પરથી કાસ્ટને લઈને ફોટા જારી કરવામાં આવી રહ્યા હતા. હવે માધુરી દિક્ષિતનો ફોટો જારી કરવામાં આવ્યો છે. ટોટલ ધમાલ ફિલ્મમાં માધુરી દિક્ષિતનો પ્રથમ લુક જારી કરવામાં આવ્યા બાદ ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે. માધુરીનુ લુક હજુ પણ પહેલા જેવુ જ ફ્રેશ છે. આ પહેલા માધુરી ગુલાબ ગેંગ અને અન્ય કેટલીક ફિલ્મોમાં નજરે પડી ચુકી છે. માધુરીની પ્રથમ મરાઠી ફિલ્મ બકેટ લિસ્ટ પણ જારી કરવામાં આવી હતી. હાલના ફોટોમાં માધુરી સફેદ શર્ટ અને બ્લુ જિન્સમાં નજરે પડી રહી છે. જો કે આ ખુ જ સામાન્ય આઉટફિટ છે. તેમ છતાં માધુરી તેમાં ગ્લેમરસ નજરે પડી રહી છે. આ ઉપરાંત ફિલ્મના સેટ પરથી બાકીના કલાકારોના ફોટો પણ આવી રહ્યા છે જેમાં રિતેશ દેશમુખ, અરશદ વારસી, જાવેદ જાફરીનો સમાવેશ થાય છે. અજય દેવગન ખાસ રોલમાં છે. આ ફિલ્મમાં લાંબા સમય બાદ અનિલ કપુર અને માધુરી દિક્ષિતની જાદુઈ જોડી નજરે પડનાર છે. અહેવાલ પર વિશ્વાસ કરવામાં આવે તો ટોટલ ધમાલ ફિલ્મ થ્રીડી ફોર્મેટમાં રજૂ કરવામાં આવનાર છે. તેનુ શુટિંગ થ્રી ડી કેમરા સાથે પણ કરવામાં આવી રહ્યુ છે. જો આવુ થશે તો આ એવી પ્રથમ ફિલ્મ રહેશે જે થ્રીડીમાં રજુ કરવામાં આવનાર છે.

**નવી ફિલ્મ**

# કપુર ખાનદાનની અભિનેત્રી કરીનાકપુર

**ફિલ્મી સિતારા**-કમલેશ કંસારા



કરીનાકપુરનો જન્મ ભારતના મહારાષ્ટ્ર પ્રાંતની રાજધાની મુંબઈમાં વસેલ પંજાબી મુળના કપુર ફિલ્મ પરિવારમાં ૨૧ મી ડીસેમ્બર ૧૯૮૦ ના રોજ થયો હતો. કરીનાકપુર ફિલ્મ અભિનેતા રણધીરકપુર અને અભિનેત્રી બબીતા (જેનું લગ્ન પહેલાનું નામ શિવદાસની હતું)ની નાની દિકરી છે. તે અભિનેતા અને ફિલ્મ નિર્માતા રાજકપુરની પૌત્રી અને પૃથ્વીરાજ કપુરની પ્રપૌત્રી છે. પરિવારમાં પ્યારથી તેને અભિનેત્રી કરીશ્માકપુરની બહેન અને અભિનેતા ઋષિકપુરની ભત્રીજી છે.

કરીનાકપુરે પોતાનું શિક્ષણ મુંબઈમાં જમનાબાઈ નર્સી સ્કૂલ અને ઉચ્ચત્તર શિક્ષણ દહેરાદુનની વેલ્હીર્મ ગર્લ્સ બોર્ડીંગ શાળામાં થયેલ. મીઠીબાઈ કોલેજ વિલેપાર્લેમાં બે વર્ષ કોમર્સનું શિક્ષણ મેળવ્યા બાદ એણે હાવર્ડ વિશ્વ વિદ્યાલયમાંથી 'માઈક્રો કોમ્પ્યુટર્સ' માં ત્રણ મહીનાનો ગ્રીષ્મ કોર્સ કર્યો હતો. ત્યાર બાદ એની રૂચિ કાનુનના શિક્ષણમાં હતી. એ માટે એણે ચર્ચગેટમાં આવેલ ગર્વનમેન્ટ લો કોલેજમાં પ્રવેશ મેળવ્યો હતો. ત્યાં એક વર્ષનો કોર્ષ પુરો કર્યા બાદ તે એક અભિનેત્રી બનવા માટેની તૈયારી કરવા માંડી અને કિશોર નામિત કપુરના અભિનય સંસ્થાનમાં પ્રશિક્ષિણ લેવા માંડયું.

કરીનાકપુરે પોતાના અભિનયની શરૂઆત વર્ષ ૨૦૦૦ માં રીલીઝ થયેલ ફિલ્મ 'રિફયુજી' સાથે કરી હતી. આ ફિલ્મમાં પોતાના અભિનયને માટે એને ફિલ્મ ફેર બેસ્ટ ફીમેલ ડેબ્યુટ' નો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ૨૦૦૧ ના વર્ષમાં પોતાની બીજી ફિલ્મ 'મુજે કુછ કહના હૈ' રજુ થતાં જ કરીનાકપુરને પોતાની પ્રથમ વ્યાવસાયિક સફળતા મળી. આ વર્ષે આવેલ કરણ જોહરની નાટકથી ભરપુર ફિલ્મ 'કભી ખુશી કભી ગમ' માં પણ કરીનાકપુર જોવા મળી પરંતુ ૨૦૦૨ અને ૨૦૦૩ માં લગાતાર અનેક ફિલ્મોની અસફળતા અને એક જેવી જ ભૂમિકા ભજવવાના કારણે કરીનાકપુરને ફિલ્મી સમીક્ષકો પાસેથી નકારાત્મક પ્રતિક્રિયાઓ મળી. ત્યાર બાદ કરીનાકપુરે એક જેવી ભૂમિકાઓ અથવા ટાઈપકાસ્ટથી બચવાને માટે વધુ મહેનતવાળીઅને કઠીન ભૂમિકાઓ સ્વીકારવાનું શરૂ કર્યું. ફિલ્મ 'ચમેલી' માં દેહવ્યાપાર કરનાર એક યુવતીની ભૂમિકાએ એની દીશા જ બદલી નાખી. આ ફિલ્મમાં એના અભિનયને માટે એને ફિલ્મફેયર સ્પેશ્યલ પરફોર્મસ એવોર્ડ (ફિલ્મ ફેર વિશિષ્ટ પ્રદર્શન પુરસ્કાર) પણ મળ્યો. ત્યારબાદ ફિલ્મી સમીક્ષકો દ્વારા બહુ પ્રશંસિત ફિલ્મ દેવ અને ઓંકારામાં અભિનયને માટે એને ફિલ્મફેયર સમારોહમાં આલોચકોની દ્રષ્ટીએ બે સર્વશ્રેષ્ઠ અભિનેત્રી પુરસ્કાર પણ મળ્યો. ૨૦૦૪ અને ૨૦૦૬ ની વચ્ચે અભિનયના ક્ષેત્રમાં એટલી અલગ અલગ પ્રકારની ભૂમિકાઓ ભજવી કે એને બહુમુખી પ્રતિભાના ધની અભિનેત્રીના રૂપમાં ઓળખવામાં આવી. વર્ષ ૨૦૦૭ માં એણે વ્યવસાયિક દ્રષ્ટીએ બેહદ સફળ રહેલ કોમેડી રોમાન્સ ફિલ્મ 'જબ વી મેટ' માં પોતાના પ્રદર્શનને માટે ફિલ્મ ફેયરનો સર્વશ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર જીત્યો હતો.વર્ષ ૨૦૦૪ માં એની મિત્રતા અભિનેતા શાહીદ કપુર સાથે થઈ પરંતુ ત્રણ વર્ષમાં આ બંને જણા ફિલ્મ 'જબ વી મેટ' (૨૦૦૭) ના ફિલ્માંકન દરમ્યાન અલગ થઈ ગયા. સપ્ટેમ્બર ૨૦૦૭ માં શાહીદકપુરની સાથે અલગાવ થયા બાદ તે અભિનેત્રી સૈફઅલીખાનની નજીક આવી જે આગળ તાં લગ્નમાં ફેરવાઈ ગઈ.

કમલેશ કંસારા




★અગાઉ એક સીરીયલમાં પ્રિન્સ વીરેન્દ્રનો રોલ ભજવીને જાણીતો બનેલો વિશાળ આદિત્યસિંહ હવે ટોચના શો કુલ્ફીકુમાર બાજેવાલામાં તેવરનો રોલ મળતાં ખુશખુશાલ છે. મહત્વની વાત એ છે કે સફળતાપુર્વક ચાલી રહેલા શોમાં એન્ટ્રી મળતાં વિશાલ ખુશ છે અને આ જાણીતો ચહેરો દર્શકોને પણ આકર્ષે છે. અભિનેતાએ કહ્યું છે કે હું કોઈક પડકારજનક ભૂમિકા ભજવવા માંગતો હતો આ પાત્ર એવું જ છે કે જેવું હું ઈચ્છતો હતો. તેમાં મને રેપરનો રોલ મળ્યો છે. અગાઉ કયારેય મેં આવી ભૂમિકા નથી ભજવી. અત્યાર સુધી મને માત્ર દેશી પાત્રો જ ભજવવા મળ્યા છે પરંતુ આ વખતે રેપરની ભૂમિકા મળતાં મને કંઈક નવું કરવાનો મોકો મળ્યો છે. ખરેખર તો હું આ રોલ દ્વારા દર્શકો સમક્ષ મારી નવી બાજુ રજુ કરી રહ્યો છું.

**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★કયોં કી.. નાગીનમાં ભરપુર નામના મેળવી આ શોએ તેને ફિલ્મોમાં પણ કામ અપાવ્યું. મૌનીને સોશ્યલ મીડીયાનો ભારે ચસકો છે. તે અવારનવાર સોશ્યલ નેટવર્કીંગ સાઈટસ પર પોતાના ફોટા મુકતા રહે છે. થોડા દિવસ પહેલાં તેણે લહંગા પહેરેલો એક ફોટો પોસ્ટ કર્યો ત્યારે મોટા ભાગના લોકોએ તેને ટ્રોલ કરી હતી. અભિનેત્રી તેના પ્રશંસકોને અતિશય પાતળી લાગી હતી.જો કે કેટલાક લોકોને તેનું આ ફીગર ગમ્યું હતું પરંતુ મોટા ભાગના લોકોએ તેના બાંધા સામે વાંધાવચકા કાઢયા હતા. અભિનેત્રીના એક પ્રશંસકે લખ્યું હતું કે, તું કુપોષણનો ભોગ બની હોય એવી લાગે છે. કેટલાક લોકોએ તેને વધારે પડતું ડાયેટીંગ ન કરવાની સલાહ આપતાં કહ્યું હતું કે તેને કારણે તું બહું નબળી લાગે છે. વાસ્તવમાં તું પ્લાસ્ટીકની ડોલ જેવી દેખાય છે. અમે તને હેલ્ધી જોવા માંગીએ છીએ. વધારે પડતાં ડાયેટીંગને કારણે તારો ચહેરો મુરઝાઈ ગયો છે. ગાલ બેસી ગયા છે તેથી તારા હોઠ વધુ જાડા લાગે છે. હવે મૌની તેના ચાહકોની વાત માને છે કે કેમ તે તો સમય જ કહેશે.

★અભિનેતા હીતેન તેજવાણી ટચુકડા પડદાના દર્શકોનો અત્યંત જાણીતો માનીતો કલાકાર છે. તેમને કુટુંબ પછી તેની ખ્યાતિ અનેકગણી વધી ગઈ છે. મહત્વની વાત એ છે કે હીતેનને બોલીવુડની ફિલ્મ કલંકમાં કામ કરવાની તક મળી છે. પરીણામે તે કહે છે કે આ એવી ફિલ્મ છે જેમાં કામ કરવાનું શમણું કોઈપણ કલાકાર જુએ. એવું નથી કે હું આવી ફિલ્મમાં કામ કરવાની કાગડોળે રાહ જોઈ રહ્યો હતો પરંતુ કોઈપણ કલાકાર સારી ફિલ્મમાં કામ કરવા ઈચ્છે, હીતેન કહે છે કે મેં ટચુકડા પડદે ઘણી ભૂમિકાઓ ભજવી છે. હું એવું કામ કરવા માગું છું કે લોકો મારો દાખલો આપે. હું યુવા કલાકારો માટે રોલ મોડેલ બનવા માગું છું. તેઓ જ્યારે કોઈ કામ હાથ ધરે ત્યારે અચુક તેમને મારી યાદ આવે કે અમારે હીતેન જેવું કામ કરવું જોઈએ.

## વરૂણ ધવન સાથે અનુષ્કા શર્મા જોડી જમાવવા તૈયાર



યુવા પેઢીમાં લોકપ્રિય સ્ટાર વરૂણ ધવન અને અનુષ્કા શર્માની જોડી હવે પ્રથમ વખત ચમકાવવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. યશરાજ ફિલ્મના નવા પ્રોડક્શન સુઈ ધાગામાં બન્ને કામ કરી રહ્યા છે. આ ફિલ્મનુ નિર્દેશન શરત કટારિયા દ્વારા કરવામાં આવી રહ્યુ છે. કાટારિયા વિતેલા વર્ષોમાં દમ લગા કે હઈસા નામની ફિલ્મ બનાવી ચુકયા છે. મનીષ શર્મા આ પ્રોજેક્ટને હાથ ધરનાર છે. વરૂણે આ સંબંધમાં માહિતી આપતા કહ્યુ છે કે ગાંધીજીથી લઈને મોદી સુધી અમારા દેશના તમામ નેતા મેઈડ ઈન ઈન્ડિયાનો મંત્ર આપી રહ્યા છે ત્યારે સુઈ ધાગા સાથે જોડાઈને તે ગર્વ અનુભવ કરી રહ્યો છે. આ ફિલ્મ સાથે તે લાખો ચાહકો સુધી ખાસ પ્રકારના સંદેશાને લઈને જશે.અનુષ્કા શર્મા પોતે પણ આ અસામાન્ય સ્ટોરીને લઈને આશાવાદી છે. આ સ્ટોરી એક આત્મનિર્ભર બનાવવા સાથે સંબંધિત છે. વરૂણની છેલ્લે જુડવા-૨ ફિલ્મ સુપરહિટ સાબિત થઈ હતી. આ ફિલ્મમાં તેની સાથે જેક્લીન અને તાપ્સી હતી. આ ઉપરાંત પણ વરૂણ પાસે કેટલીક ફિલ્મો રહેલી છે. વરૂણ અને અનુષ્કા અભિનિત ફિલ્મનુ શુટિંગ હાલમાં ધીમી ગતિથી ચાલી રહ્યુ છે. જ્યારે આ ફિલ્મનુ શુટિંગ વહેલી તકે પૂર્ણ કરીને ફિલ્મને ગાંધી જયંતિ ૨૦૧૮ના દિવસે રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. વરૂણ પોતાની અન્ય ફિલ્મોને લઈને પણ વ્યસ્ત રહ્યો છે. વરણ ધવનને બોલિવુડમાં સૌથી આસાસ્પદ સ્ટાર તરીકે ગણવામાં આવે છે. તેની પાસે અન્ય કેટલીક મોટી ફિલ્મો પણ રહેલી છે.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

## કરીના કપુર અક્ષય કુમારની સાથે ફરીવાર કામ કરી શકે



**ઓન ધ સ્ક્રીન**

કરીના કપુરની વીરે ધી વેડિગ બાદ હાલમાં તેની પાસે હાથમાં કોઈ ફિલ્મ નથી. જો કે એવા હેવાલ આવી રહ્યા છે જે તે ફરી એકવાર અક્ષય કુમારની સાથે એક ફિલ્મમાં કામ કરી શકે છે જેની જાહેરાત ટુંક સમયમાં જ કરવામાં આવી શકે છે. આ ઉપરાંત તે હેપ્પી ભાગ જાયેગીના નવા ભાગમાં કામ કરી શકે છે. આનો અર્થ એ થયો કે કરીના ફરી એકવાર જોરદાર રીતે સક્રિય થઈ જવા માટે તૈયાર છે. કરીના કહે છે કે તે સારી પટકથાવાળી ફિલ્મ હશે તો કઝીન રણબીર કપુરની સાથે પણ કામ કરશે. કરીના કપુર અને કજિન રણબીર કપુર વચ્ચે ખુબ સારા પરિવારિક સંબંધ રહેલા છે. બન્ને વચ્ચે ભાઈ બહેનના પ્રેમને જોઈ શકાય છે. તે ચોક્કસપણે માને છે કે હાલના સમયમાં બોલિવુડમાં રણબીર કપુર બેસ્ટ એક્ટર તરીકે છે. તે પોતાની એક્ટિંગ કુશળતા સતત સાબિત કરી રહ્યો છે. રણબીર કપુર અને કરીના કપુરના ચાહકો પણ બન્નેને એક સાથે જોવા માટે તૈયાર છે. કરીના કપુરે હાલમાં જ કહ્યુ હતુ કે તે રણબીર કપુર સાથે કામ કરવા માટે તૈયાર છે. હાલમાં જ એક ઈવેન્ટ દરમિયાન કરીના કપુરને જ્યારે વાત કરવામાં આવી ત્યારે કરીના એ કહ્યુ હતુ કે તે રણબીર કપુરથી એક્ટિંગને લઈને ખુબ પ્રભાવિત રહી છે. કરીના કપુર પોતે છેલ્લા કેટલાક સમયથી બોલિવુડમાં સક્રિય રહી નથી. જો કે હવે કરીના કપુર બોલિવુડમાં બીજી ઈનિગ્સ રમવા માટે જઈ રહી છે. કરીના કપુર બોલિવુડમાં એક સમય નંબર વન સ્ટાર તરીકે હતી. તેની તમામ મોટી ફિલ્મો રજૂ થઈ હતી. તે તમામ ત્રણેય ખાન સાથે કામ કરી ચુકી છે. આમીર ખાન સાથે તે થ્રી ઈડિયટ્સમાં નજરે પડી હતી. જ્યારે સલમાન ખાન સાથે બોડીગાર્ડ અને અન્ય ફિલ્મોમાં નજરે પડી ચુકી છે.

## મૌની રોય રાજકુમાર રાવની સાથે દેખાશે



**સીને**

નાના પરદાની નાગિન એટલે કે મૌની રોય બોલિવુડમાં દિન પ્રતિદિન લોકપ્રિયતા મેળવી રહી છે. તેની પાસે હવે મોટી મોટી ફિલ્મો આવી રહી છે. તેની કિસ્મત હાલમાં લોકપ્રિયતાની ચરમસીમા પર છે. એક અભિનેત્રી તરીકે તેની પ્રથમ ફિલ્મ હજુ રજૂ પણ થઈ નથી ત્યારે તેની ત્રીજી ફિલ્મ પણ બનવા લાગી ગઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મૌની રોય હવે મેડ ઈન ચાઈનામાં રાજકુમાર રાવની સાથે નજરે પડનાર છે. મૌની નિર્દેશક દિનેશ વિજનની આગામી ફિલ્મ મેડ ઈન ચાઈનામાં મુખ્ય રોલ કરનાર છે.તે ફિલ્મમાં રાજકુમાર રાવની સાથે મુખ્ય અભિનેત્રી તરીકે રહેનાર છે. આ એક કોમેડી ફિલ્મ રહેશે. જેમાં રાજકુમાર રાવ એક ગુજરાતી બિઝનેસમેનની ભૂમિકા અદા કરનાર છે. જે પોતાના બિઝનેસને શરૂ કરવા માટે ચીન જાય છે. ત્યારબાદ તેની સાથે અનેક ફની ઘટના બનતી રહે છે. મૌની રોય ફિલ્મની મુખ્ય અભિનેત્રી તરીકે છે પરંતુ તેની ભૂમિકા કેવા પ્રકારની રહેશે તે બાબત હજુ સુધી જાણી શકાઈ નથી. મૌની રોય તરફથી હજુ સુધી ફિલ્મને લઈને કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. મૌની રોય મુળભુતરીતે મોટા પરદા પર ફિલ્મ રણ અને તુમ બિન-૨ના ગીતમાં ખાસ રીતે નજરે પડી ચુકી છે. જો કે એક અભિનેત્રી તરીકે મૌનીની યાત્રા આ વર્ષે શરૂ કરવામાં આવનાર છે. તે ફિલ્મ ગોલ્ડમાં અક્ષય કુમારની સાથે કામ કરનાર છે. રીમા કાગતી આ ફિલ્મ બનાવી રહ્યા છે. જેમાં તે અક્ષય કુમારની પત્નિની ભૂમિકામાં નજરે પડનાર છે. મૌની રોય ગોલ્ડ બાદ બ્રહ્માસ્ત્ર નામની ફિલ્મમાં પણ કામ કરી રહી છે. જેમાં અમિતાબ બચ્ચન, રણબીર કપુર અને આલિયા ભટ્ટ કામ કરી રહી છે. થોડાક દિવસ પહેલા એવા અહેવાલ પણ આવ્યા હતા

મૌની રોય સલમાન ખાનની ફિલ્મ દબંગ-૩ ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## પ્રભાસ અને શ્રદ્ધા કપુરની ફિલ્મને લઈ ખુબ ઉત્સુકતા



શ્રદ્ધા કપુર અને બાહુબલી ફિલ્મના અભિનેતા પ્રભાસની જોડી હવે નવી ફિલ્મ સાહોમાં નજરે પડનાર છે. આ ફિલ્મને લઈને ચાહકો ઉત્સુક બનેલા છે. કારણ કે આ ફિલ્મ ૩૦૦ કરોડ રૂપિયાના બજેટ સાથે તૈયાર કરવામાં આવી રહી છે. જો કે ફિલ્મની રજૂઆતની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી રહી નથી. જેથી ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે. શ્રદ્ધાને પણ એક સારી હિટ ફિલ્મની જરૂર દેખાઈ રહી છે. પ્રભાસની લોકપ્રિયતા જોતા આ ફિલ્મ સુપરહિટ સાબિત થનાર છે. આ ફિલ્મને પહેલા આ વર્ષે રજૂ કરવાની યોજના હતી. ફિલ્મનુ શુટિંગ હાલમાં ચાલી રહ્યુ છે. પ્રભાસ અને શ્રદ્ધા ફિલ્મમાં સાથે દેખાશે તેવા હેવાલ આવ્યા બાદ ચાહકોમાં ઉત્સુકતા વધી ગઈ છે. ફિલ્મના અન્ય કલાકારો સાથે વાતચીત ચાલી રહી છે. આ ફિલ્મ ત્રણ ભાષામાં બની રહીછે. જેમાં જેકી શ્રોફ, ચંકી પાન્ડે અને મહેશ માંજરેકર કામ કરી રહ્યા છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ફરહાન સાથે પ્રિયંકા ચોપડા કામ કરવા માટે સહમત થઈ



દેશી ગર્લ પ્રિયંકા ચોપડા નવી ફિલ્મમાં ફરહાન અખ્તરની સાથે નજરે પડનાર છે. પ્રિયંકા ચોપડા લાંબા સમયથી હોલિવુડમાં વ્યસ્ત રહી છે. તેની પાસે હોલિવુડની અનેક યાદગાર ફિલ્મો હોવાના હેવાલ આવી રહ્યા છે. તે અમેરિકી ટીવી શો ક્વાન્ટિકોમાં કામ કરીને સમગ્ર અમેરિકામાં લોકપ્રિયતા મેળવી ચુકી છે. હોલિવુડમાં લાંબા સમયથી વ્યસ્ત રહ્યા બાદ તે હવે હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. સલમાન ખાનની ફિલ્મ ભારત છોડી દીધા બાદ તેની વધારે ચર્ચા જોવા મળી હતી. તેના વર્તનન કારણે સલમાન ખાન અને ફિલ્મના અન્ય લોકોએ વાંધો ઉઠાવ્યો છે. સલમાન સાથે ફિલ્મ છોડી દીધી છે પરંતુ તે ફરહાન અખ્તર સાથે કામ કરનાર છે. પ્રિયંકા ચોપડા ફિલ્મ નિર્માત્રી સોનાલી બોસની ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. આ ફિલ્મ આયશા ચૌધરીની જિન્દગી અને તેમના એક પુસ્તક પર આધારિત છે. ફિલ્મમાં ફરહાન અખ્તર પ્રિયંકા મુખ્ય રોલમાં નજરે પડનાર છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## કાંકરેજનો...

અનુસંધાન ૩ નુ ચાલુ..

(મહામંત્રી યુવા), અરવિંદભાઈ ગોહિલ, ભરતસિંહ ડાભી, વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વૃક્ષોનું જતન કરવા તેમજ નાશ પામી રહેલ ઔષધિના છોડ તેમજ વરસાદને પર્યાવરણ માટે વૃક્ષો વાવવા જરૂરી છે તેમ આગેવાનોએ જણાવ્યું હતું. બાદમાં શાળામાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ. તેમજ કાંકરેજ વૃક્ષ રથને લીલીઝંડી આપવામાં આવેલ. આ પ્રસંગે રેંજ ફોરેસ્ટ ઓફિસર આર.સી. મકવાણા, ઉણબીટના ગઢવી તેમજ સમગ્ર સ્ટાફમિત્રો પણ હાજર રહ્યો હતો.

## કાંકરેજનો...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આઝાદીના સાત દાયકા બાદ મોદી સરકાર બુલેટ- મેટ્રો ટ્રેનની યોજના અમલમાં મુકે છે. ત્યારે આ વિસ્તારના લોકોએ સામાન્ય એસ.ટી. બસ સુવિધા પણ જોઈ નથી. આ વિસ્તારના લોકો કહે છે કે આ રોડ પહોળો બને છે. પણ કેટલાક વિસ્તારમાં દબાણો નહીં હટાવાતાં એસ.ટી.બસ ડ્રાયવરોને ભારે મુશ્કેલી પડે છે જેની રજુઆત ઉપર સુધી કરી એસ.ટી. બસો ચાલુ થતી નથી. માનપુરા ખોડા રોડ પર રવિયાણા ગામ તળમાં સ્મશાનભૂમિથી પંચાલના ઘર સુધી દબાણો હટાવી પહોળો રોડ બનાવાય તેવી રવિયાણા ગ્રામજનોની માંગ છે. હાલમાં માનપુરા- ખોડા રોડની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે ત્યારે માગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર મુલાકાત લઈ રોડ સારો દબાણમુક્ત બને તેવા પ્રયત્નો કરશે? દબાણ નહીં હટાવાય તો લોકો કલેક્ટર સુધી રજુઆત કરવાના હોવાનું જાણવા મળેલ છે.

## વડગામ તાલુકા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પૂર્વ પ્રમુખ હબીબભાઈ એવરા, એ.પી.એમ.સી. ડીરેક્ટર ફતાભાઈ સી.કરેણ, ડી.એમ.પટેલ નરસંગભાઈ રૂપાવટ, જિ.ડેલિગેટ, ભીખુભાઈ બિહારી, દિનેશ ભાઈ પરમાર, રફીખાન પઠાણ, બળદેવજી ઠાકોર, અજીતસિંહ હડીયોલ, બિસુંભાઈ તુંવર, ડો.ઈમરાન જગરાલા વગેરે અગ્રણીઓ, તા.પં.ડેલિગેટો પદાધિકારીઓ સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ ઉપરાંત ટીવીના રીયાલીટી શો ડાન્સ ઈન્ડિયા, સુપર ડાન્સર, મુન્ના માઈકલમાં પણ મહત્વના નંબરો પ્રાપ્ત કરી ફિલ્મ અભિનેતા મિથુન ચક્રવર્તી સાથે ડાન્સ કર્યો છે અને મુંબઈમાં વસઈ ખાતે વી.કંપનીના સ્ટુડીયોમાં પોતાનું કૌવત બતાવી વર્લ્ડ ડાન્સ ચેમ્પિયનશીપમાં પસંદગી પામી ગૌરવ વધાર્યું છે.

આ જોડીયા ભાઈ બહેન ગઈકાલે ડીસાના મહેમાન બનતાં કલાસૃષ્ટી ફાઉન્ડેશનના પ્રણેતા ચંદુભાઈ એટીડી, પ્રગતિ અભિવાદન ગૃપના પ્રમુખ લલીતભાઈ દોશી, જગદીશભાઈ નાઈ, ભરતભાઈ વગેરે દ્વારા દિકરી બચાવો પુસ્તક આપી પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું હતું. જે સમયે પૂજનભાઈ જોષી, દિપકભાઈ જોષી, ભાવનાબેન જોષી અને નીતીનભાઈ સોની હાજર રહ્યા હતા.

## કાંકરેજ તાલુકાના...

પાના નં.૮ ચાલુ

હતી. નર્મદા કેનાલમાં એકઠા થયેલ સ્થાનિક લોકો કહેતા હતા કે, મચ્છી મારીનું કામ કેટલાક લોકો રાત્રિના અંધકારમાં કરે છે, ત્યારે ગલબાજીનું મોત કયા કારણોસર થયું તે રહસ્યમય બની રહ્યું હતું. મૃતકની લાશને પીએમ અર્થે થરા રેફરલમાં લાવી પી.એમ. કરાવી તેના વાલી વારસોને સોંપીને પોલીસ આગળની તપાસ કરી રહી હોવાનું જાણવા મળેલ છે. વરસાદ ખેંચાતા કેનાલમાં પાણીનો પ્રવાહ ઓછો થયો જેના કારણે માછલાં આવ્યા છે. તો બીજી તરફ કૃષિ પિયત માટે ખેડુતોએ મુકેલ પાણી ખેંચવાની પાઈપો નર્મદા નહેર નિગમના સત્તાવાળાઓ હટાવી રહ્યા છે. જેનાથી ખેડુતોમાં આક્રોશ પણ જોવા મળતો હતો.

## થરાદમાં ગટરલાઈન...

પાના નં.૮ ચાલુ

છુટી કરવામાં આવી હતી અને પ્રમુખ તથા ચીફ ઓફીસરને નવી એજન્સી માટે સત્તા આપવામાં આવી હતી. જેને કારણે નગરમાં ભુગર્ભ ગટરલાઈન ચૉકઅપ થવાની દહેશત પણ સેવાઇ રહી છે. જોકે પાલિકાના પ્રમુખ લવજીભાઇ વાણિયાએ બીજી એજન્સી કામગીરી એકાદ બે દિવસમાં સંભાળી લેશે તેમ જણાવ્યું હતું.

## ભાઈને જાનથી...

પાના નં.૮ ચાલુ

નહી તો તારા ભાઈને જાનથી મારી નાંખીશ. આથી સગીરા ધમકી આપતા ભાંગી પડી હતી અને તેના મનમાં તેના ભાઈને આ ઈસમ મારી નાંખશે તેવા ડરથી ભુપતજી સાથે બાઈક ઉપર બેસી જતા આ ઈસમ તેણીને તેના મિત્ર રામસિંગ રાજપુત (રહે.અસારા) વાળાના ખેતરમાં લઈ ગયેલો અને ત્યાં રામસિંગે પણ આ ભુપતજીને રાખેલ અને ખેતરમાં આરોપી ભુપતજીએ બાળકી પર અવાર-નવાર બળજબરીથી શારીરીક સુખ માણ્યુ હોવાની ફરીયાદ સગીરાએ ગઢ પોલીસ મથકે નોંધાવતા પોલીસે ફરીયાદ આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વારંવાર સમન્સ...

પાના નં.૮ ચાલુ

હતો. જો કે, બંને આરોપીઓ કોર્ટમાં હાજર રહેતા ન હોઈ વારંવાર સમન્સ અને વોરંટ કાઢવા છતાં કોર્ટના હુકમની અવગણના કરીને કોર્ટમાં હાજર ન રહેતાં કોર્ટે ધરપકડ વોરંટ કાઢતા આગથળા પોલીસે બન્ને લોકોની ધરપકડ કરીને કોર્ટ સમક્ષ રજૂ કરતાં બંને આરોપીઓને સબજેલમાં ધકેલવાનો આદેશ કર્યો હતો જેના પગલે આ બંને આરોપીઓની ધરપકડ કરી તેમને પાલનપુર સબજેલમાં ધકેલવામાં આવ્યા છે. કોર્ટના આવા કડક વલણથી કાયદાને ઘોળીને પી જતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

## હાથીદરામાં જૂની...

પાના નં.૮ ચાલુ

હજુરસિંહ શંકરસિંહ ડાભીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સામેના પક્ષે બલસિંહ હિંમતસિંહ ડાભીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે હજુરસિંહ શંકરસિંહ ડાભી, રાહુલસિંહ હજુરસિંહ ડાભી, અરજણસિંહ શંકરસિંહ ડાભી, કિશનસિંહ અરજણસિંહ ડાભી, સચીનસિંહ અરજણસિંહ ડાભી, સિકંદરસિંહ કુમારસિંહ ડાભી (રહે.હાથીદ્રા) વાળાઓ સામે નોંધાવેલી ફરીયાદ અનુસાર આ ઈસમોએ પણ તલવાર, લાકડીઓ જેવા પ્રાણઘાતક હથિયારો લઈ આવી અગાઉની તકરારની અદાવતમાં બલસિંહ હિંમતસિંહ ડાભીને બાથે થઈ તથા દિનેશસિંહ નામના યુવકને પીઠ તથા કમરના ભાગે લાકડીઓથી આડેધડ માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાની ફરીયાદ પાલનપુર તાલુકા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ફરીયાદ આધારે બન્ને પક્ષોની ફરીયાદ નોંધી તપાસ તાલુકા પી.એસ.આઈ એ.વાય.પટેલ ચલાવી રહ્યા છે.

## સઘન સુરક્ષા વચ્ચે શ્રદ્ધાળુની નવી ટીમ અમરનાથ દર્શન કરવા રવાના

શ્રીનગર

અમરનાથમાં બાબા બર્ફાનીના દર્શન કરવા માટે આજે સવારે શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના કરવામા આવી હતી. જુદા જુદા વાહનોમાં તમામ શ્રદ્ધાળુઓ સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે વહેલી પરોઢે રવાના થયા હતા. આજે ૩૪૬ શ્રદ્ધાળુઓની નવી ટુકડી ભગવતીનગર બેઝકેમ્પથી રવાના થઈ હતી. અમરનાથ યાત્રીઓને ટાર્ગેટ કરવામાં આવી શકે છે તેવા હેવાલ આવ્યા બાદથી ભારતીય સેના અને સુરક્ષા દળો સાવચેતીના વધારાના પગલા લઈ રહ્યા છે. હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ હજુ પણ પહોંચી રહ્યા છે. દર્શન કરનાર શ્રદ્ધાળુઓનો આંકડો સતત વધી રહ્યો છે. ૨૮મી જૂનના દિવસે અમરનાથયાત્રા શરૂ થયા બાદથી હજુ સુધી ૨૭૫૧૨૫થી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફામાં સ્થિત કુદરતી રીતે બનતા શિવલીંગના દર્શન કરી ચુક્યા છે.

# સિંગતેલની કિંમતોમાં તીવ્ર વધારો નોંધાતા લોકો ત્રસ્ત

અમદાવાદ

સિંગતેલના ભાવોમાં દરરોજ આંચકાજનક ભાવ વધારો થઈ રહ્યો છે, જેને લઈને લોકો ત્રસ્ત બન્યા છે. ખાસ કરીને મહિલાઓમાં તેલના ભાવોમાં ભડકાને લઈ ભારે નારાજગી ફેલાઈ છે. કારણ કે, તહેવારો પૂર્વે જ તેલના ડબાએ રોજ રૂ. ૧૦નો ભાવ વધારો નોંધતાં માત્ર દસ જ દિવસમાં તેલના ડબાનો ભાવ વધીને ૧૬૦૦એ પહોંચ્યો છે. તેલના ભાવોને લઈ આગામી શ્રાવણ માસ, રક્ષાબંધન સહિતના તહેવારો પહેલાં જ લોકોની ચિંતા વધી છે અને સરકારને તાત્કાલિક ભાવવધારો કાબૂમાં લેવા અનુરોધ કરાયો છે. બીજીબાજુ, રાજય સરકાર દ્વારા તેલના ભાવોમાં નોંધાયેલા ઉછાળાને લઈ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ રાજયના ઓઈલ મિલરોની તાકીદની બેઠક બોલાવી આ અંગે ચર્ચા વિચારણા શરૂ કરી છે. સામાન્ય રીતે, નાફેડ દ્વારા ખેડૂતો પાસે ટેકાના ભાવે મગફળી ખરીદવામાં આવતી હોય છે. આ મગફળી નાફેડ સમયાંતરે બજારમાં વેચાણ કરે છે. પરંતુ હાલના સંજોગોમાં અત્યાર સુધી ભાવ પક્કડના કારણે સીધું ચાલતું મગફળીનું બજાર ભડકા છાપ તેજીમાં ફેરવાવાનો અંદાજ છે. જેના કારણે લોકોએ મજબૂરીથી સિંગતેલ મોંઘા ભાવે ખાવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. નાફેડે તેના મગફળીના વેચાણ ભાવમાં ૨૦ કિલોએ રૂ.૧૦૦થી ૧૨૦ સુધીનો વધારો કરી દીધો છે. જેની સીધી અસર બજાર અને તેલના ભાવો પર પણ પડી છે. દરમ્યાન આ અંગે અન્ન અને પુરવઠા પ્રધાન જયેશ રાદડિયાએ જણાવ્યું હતું કે અધિકારીઓને સૂચના આપી છે કે તેલનો પુરવઠો સંગ્રહ કરીને કાળાં બજાર કરતા વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવે. કોઈ વેપારીને ત્યાં જરૂરથી વધુ તેલનો જથ્થો એકઠો કરવા દેવાશે નહી. તહેવારો દરમિયાન ગરીબોને વાજબીભાવે તેલ આપવામાં આવશે.

# સંસ્કૃતિના જતન માટે બધા પ્રયાસો જારી : નીતિન પટેલ

અમદાવાદ

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ અને તેમની વૈવિધ્યસભર સંસ્કૃતિના જતન માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આજે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણીમાં સહભાગી થતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું તું કે, રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ લોકોના સર્વાંગી વિકાસ માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત કરીને આદિવાસી સમાજના લોકોને આર્થિક રીતે ઉન્નત બનાવવાનું કામ કર્યું છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં અગાઉ મેડિકલના ઉચ્ચ અભ્યાસ માટે એક હજાર જેટલી જૂજ બેઠકો હતી તેની સામે આજે બેઠકોમાં ઉત્તરોત્તર વધારો કરીને ૪૫૦૦ જેટલી મેડિકલ બેઠકો ઉપલબ્ધ બની છે જેના થકી આદિવાસી બાળકો તબીબી જ્ઞાન મેળવી રહ્યા છે. રાજ્ય સરકારના દીર્ઘદ્રષ્ટીપૂર્ણ આયોજનને પરિણામે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ૮૦ હજારથી વધુ લોકો માટે નોકરીની જાહેરાત કરવામાં આવી છે જેમાં અનામતના ધોરણે આદિવાસી લોકોને નોકરી આપવામાં આવી છે.

# રણબીર સાથે લગ્ન કરવા માટે આલિયા ખુબ ઈચ્છુક

આલિયા ભટ્ટ અને રણબીર કપુરના પ્રેમ સંબંધોને લઈને તમામ લોકો માહિતી ધરાવે છે અને તેમની વચ્ચે કેમિસ્ટ્રીથી તમામ ચાહકો પ્રભાવિત પણ છે. બંને પોતે પણ અનેક વખત એકબીજા પ્રત્યે પ્રેમની કબુલાત કરી ચુક્યાછે. ભલે રણબીર કપુર હવે મોડેથી પ્રેમ અંગેની કબુલાત કરે છે પરંતુ આલિયા ભટ્ટ તો પહેલાથી જ રણબીર કપુરને ખુબ પસંદ કરે છે. આલિયા બાળપણથી રણબીર કપુર પ્રત્યે સોફ્ટ કોર્નિર ધરાવે છે. હવે આલિયા ભટ્ટનો એક વિડિયો સપાટી પર આવ્યો છે જેમાં તે રણબીર કપુર સાથે લગ્ન કરવા માટે ઈચ્છુક હોવાની અને તેની સાથે પ્રેમમાં હોવાની વાત કરતી નજરે પડે છે. તે વિડિયોમાં કહેતી નજરે પડી રહી છે કે તે રણબીર કપુર સાથે લગ્ન કરવા માટે ઈચ્છુક છે. આ વિડિયો ફિલ્મ નિર્માતા કરણ જોહરના લોકપ્રિય ટોક સો કોફી વિથ કરણનો છે. જેમાં આલિયા સાથે પરિણિતી ચોપડા પણ નજરે પડી રહી છે. આલિયા કહી રહી છે કે જ્યારે કરણે તેને પ્રથમ વખત રણબીર કપુર સાથે વાત કરાવી હતી ત્યારે તે ખુબ બોલી રહી હતી. એ વખતે રણબીર આલિયા કોણ છે તે અંગે જાણતો પણ ન હતો. આલિયા એમ પણ કહેતી નજરે પડી રહી છે કે રણબીર કપુર ખુબ જ ક્યુટ છે. તે હજુ તેની સાથે લગ્ન કરવા માટે ઈચ્છુક છે. આલિયા અને રણબીર પહેલાથી જ એકબીજાના પ્રેમ અંગે જાહેરમાં વાત કરી ચુક્યા છે. બંને હાલમાં ફિલ્મમાં પણ સાથે કામ કરી રહ્યા છે. બ્રહ્માસ્ત્ર નામની ફિલ્મમાં બંને નજરે પડનાર છે. રણબીર અને આલિયા હાલમાં એકબીજાને આકર્ષિત કરવા માટે તમામ પ્રયાસ કરતા રહે છે. રણબીર આલિયાના ફોટો ક્લિક કરતો રહે છે. આલિયા ભટ્ટ રણબીર કપુર સાથે પોતાના સંબંધને લઈને હવે ખુબ ગંભીર દેખાઈ રહી છે. તેના સંબંધોની પહેલા પણ ચર્ચા રહી ચુકી છે.

# જાન્હવી કપુર તેમજ ઈસાન એકબીજાના પ્રેમમાં : રિપોર્ટ



જાન્હવી કપુર અને ઈસાન ખટ્ટર હાલમાં એકબીજાના પ્રેમમાં હોવાના હેવાલ મળી રહ્યા છે. બંને ફિલ્મના શુટિંગ વેળા એકબીજાના મિત્ર બન્યા હતા. ત્યારબાદ તેમની વચ્ચે પ્રેમ સંબંધ રહ્યા હતા. જો કે સંબંધને લઈને હવે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી રહી નથી. તેમની ફિલ્મ સરેરાશ સફળતા હાંસલ કરી શકી છે. તેમના દ્વારા અભિનિત ફિલ્મ ધડક હાલમાં રજૂ કરવામાં આવી હતી. ફિલ્મ રજૂ કરવામાં આવે તે પહેલા જ જાન્હવી અને ઈસાન એકબીજાના પ્રેમમાં હોવાના હેવાલ આવી રહ્યા હતા. બોલિવુડમાં આ જોડીની હાલમાં ચર્ચા છે. તેમની પ્રથમ ફિલ્મ ધડક આ એક રોમેન્ટિક ફિલ્મ હતી. જો કે ફિલ્મ સફળ પુરવાર રહી નથી. ગયા વર્ષે રજૂ કરવામાં આવેલી અને બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી ચુકેલી મરાઠી ફિલ્મ સૈરાટની હિન્દી રીમેક બનાવવામાં આવી હતી. ઈસાન અને જાન્હવી આ ફિલ્મ સાથે બોલિવુડમાં એન્ટ્રી કરી ચુક્યા છે. જો કે તેમની સામે હવે કેટલાક પડકારો રહેલા છે. સ્ટાર કલાકારોના બાળકો બોલિવુડમાં એન્ટ્રી કરી રહ્યા છે.ચન્કી પાન્ડેની પુત્રી પણ બોલિવુડમાં સ્ટુડન્ટ ઓફ ધ યર-૨ સાથે કરી રહી છે. અન્ય ફિલ્મી કલાકારોના બાળકો પણ સતત પ્રવેશ કરી રહ્યા છે. સેફ અલી ખાનની પુત્રી અને સુનિલ શેટ્ટીની પુત્રી પણ બોલિવુડમાં એન્ટ્રી કરી રહી છે. અનિલ કપુરની પુત્રી પહેલાથી જ બોલિવુડમાં પ્રવેશી ગઈ છે. હવે ફિલ્મમાં શ્રીદેવીની મોટી પુત્રી જાન્હવી એન્ટ્રી કરી કરી ચુકી છે. તેની સાથે શાહિદ કપુરનો નાનો ભાઈ ઈસાન એન્ટ્રી કરી ચુક્યો છે. આશાસ્પદ જાન્હવી પહેલાથી સોશિયલ મિડિયામાં સતત ચર્ચામાં રહી છે. તે સેલિબ્રિટી પાર્ટી અને ગ્લેમર પાર્ટીના ફોટો હમેંશા રજૂ કરતી રહી છે.

## જેક્લીન

અનુસંધાન ૫ નું ચાલુ

દબંગ સ્ટારના કારણે સતત સફળતા હાસલ કરીને તે આજે નંબર વનની રેસમાં દેખાય છે. ડેઝી શાહ પણ સલમાન સાથે સારા સંબંધ ધરાવે છે. દિપિકા અને પ્રિયંકા ચોપડા પહેલાથી જ હોલિવુડની ફિલ્મોમાં કામ કરી ચુકી છે. હવે જેક્લીન પણ એન્ટ્રી કરી રહી છે. જેક્લીન બોલિવુડમાં હાલ સૌથી લોકપ્રિય સ્ટાર તરીકે ઉભરી આવી છે. બોલિવુડમાં પોતાના ગ્લેમરના કારણે ખાસ ખાસ ચર્ચા જગાવી ચુકેલી જેક્લીન હવે હોલિવુડમાં પણ એન્ટ્રી કરી ચુકી છે. જેક્લીન લોકપ્રિયતાના મામલે અન્ય અભિનેત્રીઓને પાછળ છોડી ચુકી છે. તમામ નવી સ્ટારમાં તેની બોલબાલા સૌથી વધારે દેખાઈ રહી છે. લોકોની પસંદગીના મામલે પણ તે ટોપ સ્ટાર તરીકે ઉભરી આવી છે. આવનાર વર્ષમાં તે અભિનેત્રી તરીકે પોતાની સ્થિતી વધારે મજબુત કરી શકે છે. કારણ કે સારા નિર્માતા નિર્દેશકો સાથે તેને ફિલ્મ મળી રહી છે. નંબર વનની રેસમાં તે સૌથી આગળ દેખાઈ રહી છે. .

## પ્રભાસ અને શ્રદ્ધા કપુર

અનુસંધાન ૫ નું ચાલુ

ટીનુ આનંદ પણ કામ કરી રહ્યા છે. ફિલ્મમાં વિજય કુમારના પુત્ર અને પ્લે બેક સિંગર અરૂણ વિજય પણ કામ કરનાર છે. ફિલ્મમાં મલયાલમ સ્ટાર મિસ્ટર લાલ પણ કામ કરી રહ્યો છે. ઉપરાંત નીલ નિતિન મુકેશની પણ ભૂમિકા છે. આફિલ્મ હાઈટેક એક્શન ડ્રામાં ફિલ્મ છે. ફિલ્મ હિન્દી, તમિળ અને તેલુગુ ભાષામાં બની રહી છે. ફિલ્મમાં હાઈટેક એક્શન સીન રાખવામાં આવ્યા છે. ફિલ્મની પટકથા સુજીતે લખી છે. નિર્દેશનની જવાબદારી પણ તે પોતે અદા કરી રહ્યા છે. આ ફિલ્મ આગામીવર્ષે રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. દેશભરમાંબાહુબલી નામથી પ્રભાસ વધારે ઓળખાય છે.

## ફરહાન

અનુસંધાન ૫ નું ચાલુ

ફિલ્મમાં તે આયશાના મોતા પિતાના રોલમાં નજરે પડનાર છે. ફિલ્મનુ શુટિંગ ટુક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. આયશા ચૌધરી એક પ્રેરક વક્તા તરીકે હતી. જેને માત્ર ૧૩ વર્ષની વયમાં એક બિમારી થઈ ગઈ હતી. જો કે આના કારણે તેના ઉત્સાહમાં કોઈ કમી આવી ન હતી.

ફરહાન અક્ષર હાલમાં વધારે ફિલ્મ કરી રહ્યો નથી પરંતુ તેને એક કુશળ અભિનેતા તરીકે ચોક્કસપણે ગણી શકાય છે. તે મલ્ટી ટેલેન્ટેડ સ્ટાર તરીકે છે. એક કુશળ અભિનેતા હોવાની સાથે સાથે તે નિર્માતા નિર્દેશક તરીકે પણ રહ્યો છે. તે કેટલાક પ્રોજેક્ટ પર હાલ કામ કરી રહ્યો છે. ફરહાન અક્ષરે પ્રિયંકા ચોપડાની સાથે ફિલ્મમાં કામ કરી રહ્યો હોવાના મામલે કોઈ પ્રતિક્રિયા આપી નથી. બીજી બાજુ પ્રિયંકા ચોપડાના ચાહકો તેની હિન્દી ફિલ્મોને લઈને રાહ જોઈ રહ્યા છે. ફરહાન ફિલ્મના શુટિંગને લઈને હાલમાં ઉત્સુક છે..

## સીને

અનુસંધાન ૫ નું ચાલુ

જો કે આ અહેવાલને હજુ સુધી સમર્થન મળ્યુ નથી. બ્રહ્માસ્ત્ર ફિલ્મમાં તે આલિયા ભટ્ટ અને રણબીર કપુરની સાથે નજરે પડનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે આશરે દસ વર્ષ પહેલા એકતા કપુરની સિરિયલ ક્યુ કિ સાંસ ભૂ કભી બહુ થી મારફતે મૌની રોયે એક્ટિંગ કેરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ તે ક્યારેય પાછળ પડી નથી. મૌની કેટલીક ટીવિ સિરિયલમાં કામ કરી ચુકી છે. જેમાં કસૌટી, દેવો કા દેવ મહાદેવ, અને નાગિનનો સમાવેશ થાય છે. મૌની હાલમાં બેંકોકમાં આઈફા એવોર્ડ કાર્યક્રમમાં પણ પરફોર્મ કરીને તમામને રોમાંચિત કરી ચુકી છે. મૌનીએ આઈફા એવોર્ડ કાર્યક્રમમાં તારીફા અને ટ્રિપ્પી ટ્રિપ્પી સહિત અનેક ગીતો પર જોરદાર પરફોર્મ કરીને તમામને ચોંકાવી ચુકી છે. મૌની રોયના ચાહકોની પણ સંખ્યા હવે સતત વધી રહી છે. અક્ષય કુમાર સાથે કામ કરીને તે હાલમાં ભારે ખુશ છે. તેની આવનારી ફિલ્મ ગોલ્ડ પર હાલમાં તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બોલિવુડમાં તે આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરી રહી છે.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | |
| **ચાંદી ચોરસા** | **૩૮૨૦૦-૩૮૫૦૦** |
| રૂપુ કાચું | ૩૮૨૦૦-૩૮૫૦૦ |
| સોનુ તોલો | ૩૦૨૦૦-૩૦૫૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૧૮૦** |
| પામોલીન | ૧૧૫૦ |
| સોયા રીફાઈન | ૧૩૯૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૩૮૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૪૭૦-૧૬૯૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૪૫૦ |
| **સીગતેલ ૫ લી.** | **૪૮૭** |
| તિરૂપતી કપા. | ૧૪૫૦ |
| ૫ લીટર | ૪૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૧૦૦-૩૨૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૧૫૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૪૮૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૨૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૩૫૦ |
| ૫ લી. | ૪૨૦ |
| ૨ લી. | ૧૭૫ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૬૦૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૫૫૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૬૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૭૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૭૦૦ |
| દાવત સ્પેસીયલ | ૮૦૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૮૦૦૦ |
| દાવત દિલખુશ | ૮૦૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૨૦૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૦૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૧૦૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૪૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૭૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૫૦૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૮૨૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૪૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૪૫૦-૩૫૫૦** |
| **ખાંડ એમ.** | **૩૫૫૦** |
| ખાંડએલ. | ૩૬૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ ૧૨૫ | |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૨૦૦ |
| જીરાળુ | ૧૪૬૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૧૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૦૦ |
| મેંદો | ૭૮૦ |
| શ્રીફળ એમ. | ૧૪૨૫ |
| નિરમા સાબ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૨૦૦ |
| ખાંડ બુરૂ | ૩૫૦૦ |
| કોકમ ફુલ | ૧૫૦ |
| એલચી | ૯૦૦-૧૦૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| **દુધી** | **૧૪૦-૨૦૦** |
| સુકી ડુંગળી | ૧૮૦-૨૮૦ |
| લસણ | ૫૦૦-૬૦૦ |
| ધાણા | ૫૦૦-૮૦૦ |
| મરચાં | ૪૦૦-૬૦૦ |
| લીંબુ | ૪૦૦-૫૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૭૦-૯૦ |
| રીંગણ | ૬૦૦-૮૦૦ |
| ટામેટા | ૫૦૦-૬૦૦ |
| **ભીંડા** | **૫૦૦-૬૦૦** |
| કોબી | ૩૪૦-૪૦૦ |
| વટાણા | ૧૪૦૦-૨૦૦૦ |
| ટીંડસા | ૮૦૦ |
| ગવાર | ૯૦૦-૧૨૦૦ |
| બાદશાહ બટાકા | ૪૪૦-૪૮૦ |
| **સાંગા બટાકા** | **૨૪૦- ૨૬૦** |
| **દે.ગવાર** | **૧૨૦૦-૧૩૦૦** |
| **ચોળી** | **૯૦૦-૧૨૦૦** |


**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : .....................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..............................................................
સરનામુ : ............................................................
મોકલનારની સહી : ...............................................